BAOU BAOU BAOU

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

યુનિવર્સિટી મુખપત્ર

# જ્ઞાનગંગા



વર્ષ-4 | અંક-13 (ફક્ત આંતરિક વિતરણ) | ફેબ્રુઆરી 2009

## કુલપતિશ્રીનું નિવેદન

માર્ચનો મહિનો હિસાબી વર્ષનો અંત અને હિસાબોનો સરવાળો કરવાનો મહિનો હોય છે તેને ધ્યાને લઈને આ વખતના 'જ્ઞાનગંગા'ના નિવેદનમાં ઉચ્ચ શિક્ષણના સરવાળા કરવાની તક લઈએ. ઉચ્ચ શિક્ષણની જ્યારે વાત થાય છે ત્યારે આપણા ધ્યાનમાં તક્ષશીલા અને નાલંદાનું નામ આવે છે. નાલંદામાં ૨૦૦૦ અધ્યાપકો અને ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ હતા એટલે વિદ્યાર્થીનું અનુપાત ૧:૫નું હતું. વિદ્યાર્થીઓનો પ્રવેશ યુનિવર્સિટીના પ્રવેશ દ્વાર ઉપર જ યોગ્યતા પરીક્ષા દ્વારા કરવામાં આવતો હતો અને ૨૦ થી ૩૦ ટકાને પ્રવેશ મળતો હતો. યુનિવર્સિટીમાં 'ધર્મગુંજ' નામનું પુસ્તકાલય હતુ. જેના 'રત્નાસાગર', 'રત્નદધિ' તથા 'રત્નરંજક' નામના ત્રણ ભાગો હતા અને દરેક ભાગનો બિલ્ડીંગ ૯ માળની હતી. ૧૧૯૭માં બખત્યાર ખીલજીનાં સૈનિકોએ સળગાવી દીધી તેનું વર્ણન કરતાં ગરટ્રુડ એમરસન લખે છે કે, મહિનાઓ સુધી તેનો ધુમાડો જોઈ શકાતો હતો. ત્યાં ધર્મગ્રંથો દર્શન, ચિકિત્સા, તર્કશાસ્ત્ર અને અનેક વ્યવસાયિક પાઠ્યક્રમો ભણાવવામાં આવતા હતા અને ત્યાં ભારતની સાથે સાથે તિબેટ, ચાઈના, મધ્યએશિયા, એશિયા, ઈન્ડોનેશિયા, પર્સિઆ, તુર્કી અને કોરિયા આદિ દેશોમાંથી વિદ્યાર્થીઓ આવતા હતા.

આ આદર્શ વિશ્વવિદ્યાલયની સામે ૧૮૫૮માં અંગ્રેજો દ્વારા બન્દન યુનિવર્સિટીના મોડલના આધારે સ્થાપના જોડાણવાળી યુનિવર્સિટીઓ રીતે કરવામાં આવી, તે પહેલાં બધી કોલેજો સ્વાયત હતી. સ્વતંત્રતા પછી ડીમ્ડ અને પ્રાઈવેટ યુનિવર્સિટીઓ ઉમેરાઈ. આ યુનિવર્સિટીઓનો મુખ્ય ઉદ્દેશ્ય કુશળ માનવ સંશાધન, આર્થિક જરૂરિયાતને ધ્યાને લઈને સંશોધન અને વિકાસ, સભ્ય સમાજને અનુકૂળ સંસ્થાઓનું નિર્માણ અને સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન અને સારા નાગરીકો તૈયાર કરવાનો હતો. સમય જતા ઉચ્ચ શિક્ષણની નવી જરૂરિયાતોને ધ્યાને લઈને કોઠારી કમિશન (૧૯૬૬) ગજેન્દ્ર ગડકર કમિટી (૧૯૭૧) અને જ્ઞાનમ કમિટીના રચના કરવામાં આવી તેની ભલામણોને સાચા અર્થમાં અમલ કરવામાં ન હોવાના કારણે શિક્ષણ, સંશોધન આદિના ક્ષેત્રમાં થોડા એવા અપવાદોને છોડીને મોટા ભાગે સ્તર નીચું થયું છે અને તેના મુખ્ય કારણોમાં અપર્યાપ્ત ઢાંચાગત સુવિધાઓ, સંશોધન માટે અપર્યાપ્ત આર્થિક અનુદાન, પર્યાપ્ત પ્રતિબદ્ધ એકેડેમિક માનવ સંશોધનોનો અભાવ, શુદ્ધ વિજ્ઞાન વિભાગોમાં વિદ્યાર્થીઓની સંખ્યાનો અભાવ અને સંસ્થાની ગુણવત્તા માપનમાં થયેલ પતન આદિ કારણો છે જેને કારણે નીતિવિષયક અને ક્રિયાન્વનમાં પગલાં લેવાની જરૂર ઊભી થઈ છે. નીચે દર્શાવેલ કોઠા દ્વારા ઉચ્ચ શિક્ષણમાં થયેલ વ્યાપનો અંદાજ મળે છે :

**ઉચ્ચ શિક્ષણમાં ક્ષમતા વિકાસ સંસ્થાકીય ક્ષમતા :**

| સંસ્થાકીય ક્ષમતા નિર્દેશક | વર્ષ ૧૯૫૦ સુધી | વર્ષ ૨૦૦૮ સુધી |
|---|---|---|
| યુનિવર્સિટી સ્તરની સંસ્થાઓની સંખ્યા | ૨૫ | ૪૩૧ |
| કોલેજોની સંખ્યા | ૭૦૦ | ૨૦,૬૭૭ |
| અધ્યાપકોની સંખ્યા | ૧૫,૦૦૦ | ૫.૦૫ લાખ |
| વિદ્યાર્થીઓની સંખ્યા | ૧ લાખ | ૧૧૬.૧૨ લાખ |



BAOU BAOU BAOU BAOU BAOU BAOU BAOU

સપ્ટેમ્બર ૨૦૦૮ સુધી દેશમાં યુનિવર્સિટીઓની સ્થિતિ નીચે મુજબ હતી :

**વિવિધ પ્રકારની યુનિવર્સિટીઓની સપ્ટેમ્બર ૨૦૦૮ સુધીની સ્થિતિ :**

| પ્રકાર | સંખ્યા |
|---|---|
| સેન્ટ્રલ યુનિવર્સિટીઓ | ૨૫ |
| રાજ્યની યુનિવર્સિટીઓ | ૨૩૦ |
| ડીમ્ડ યુનિવર્સિટીઓ | ૧૧૩ |
| રાષ્ટ્રીય મહત્ત્વની રાજ્યની યુનિવર્સિટીઓ | ૫ |
| રાષ્ટ્રીય મહત્ત્વની કેન્દ્રિય યુનિવર્સિટીઓ | ૩૩ |
| પ્રાઈવેટ | ૨૮ |
| કુલ | ૪૩૧ |

નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ બેંગ્લોર દ્વારા સપ્ટેમ્બર ૨૦૦૮ સુધી ૧૪૨ યુનિવર્સિટીઓ તથા ૩૭૮૦ કોલેજોનું એક્રેડિટેશન કરવામાં આવ્યુ છે તેમાંથી ૫ પોઈન્ટ સ્કેલમાં ૭૫% થી વધારે તથા ૯ પોઈન્ટ ૩ બંને ગ્રેડીંગ સિસ્ટમ સ્કોર કરનાર યુનિવર્સિટીઓની સંખ્યા ૪૨ અર્થાત્ કુલના ૨૯.૫% તથા કોલેજોની સંખ્યા ૧૭૨૬ એટલે ૪૫.૬% હતી જેનો અર્થ થયો કે ગ્રેડ તથા અન્યની વચ્ચે ગુણવત્તા તફાવત છે જેને નિમ્ન લિખિત કોઠા દ્વારા સમજી શકાય છે :

**યુનિવર્સિટીઓમાં ગુણવત્તાનો તફાવત :**

| ધોરણનો પ્રકાર | સમસ્ત યુનિવર્સિટીઓની ટકાવારી | 'એ' ગ્રેડ યુનિવર્સિટીઓમાં બૅન્ચમાર્ક | તફાવત |
|---|---|---|---|
| યુનિવર્સિટી શૈક્ષણિક વિભાગની સંખ્યા | ૨૯ | ૩૪ | -૫ |
| યુનિવર્સિટીમાં મંજૂર શૈક્ષણિક જગ્યાઓની સંખ્યા | ૨૮૭ | ૪૩૨ | -૧૪૫ |
| ભરાયેલ જગ્યાઓથી સંખ્યા (પ્રતિ યુનિવર્સિટી) | ૨૨૦ | ૩૨૯ | -૧૦૯ |
| ખાલી જગ્યાઓ | ૨૫% | % | -૨૫% |
| પીએચ.ડી. ડીગ્રીધારક અધ્યાપકોની સંખ્યા | ૧૫૮ | ૪૩૨ | -૨૭૪ |
| યુનિવર્સિટી દીઠ દરેક વિભાગમાં અધ્યાપકોની સંખ્યા | ૫ | ૮ | -૩ |
| ગ્રંથાલયમાં પુસ્તકોની સંખ્યા | ૨,૮૮,૯૧૩ | ૩,૫૨,૮૮૬ | -૬૩૯૭૩ |
| કમ્પ્યુટર પ્રતિ વિભાગે | ૦૬ | ૧૧ | -૬ |

ઉપરોક્ત કોઠા પરથી ઉચ્ચ શિક્ષણમાં એ ગ્રેડની બી ગ્રેડની સંસ્થાઓ વચ્ચે જે ગુણવત્તાનો તફાવત છે તેને ખ્યાલ પડે છે. આ અધ્યયનમાં સંશોધન તથા શોધ પ્રકાશનો તેને ધ્યાને લઈને આજે સૌથી વધારે જરૂર બી ગ્રેડની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને એ ગ્રેડમાં લાવવાની જરૂર છે જેના માટે સંસ્થાઓએ, સમાજે તથા નીતિ નિર્ધારકો આદિએ યોગ્ય પગલાં લેવા પડશે એટલે હવે એકેડેમિક અને પ્રશસાનિક ઓડીટની પણ જરૂર પડશે.

ઉચ્ચ શિક્ષણનાં પરંપરાગત યુનિવર્સિટીઓ તથા કોલેજોના મૂલ્યાંકન માટે યુ.જી.સી. દ્વારા NAAC ની સ્થાપના કરવામાં આવી પણ ઓપન યુનિવર્સિટીઓના મૂલ્યાંકન માટે આવી કોઈ વ્યવસ્થા ન હતી આ સ્થિતિને ધ્યાને લઈને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ઓપન યુનિવર્સિટીનું મૂલ્યાંકન કરવા માટે એક પ્રસ્તાવ ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સીલ (DEC) નવી દિલ્હી સમક્ષ મૂકેલ હતો જેની મંજૂરી મળી આ અંગેની સમસ્ત પ્રક્રિયાનું સંકલન કરવાનું કામ DEC દ્વારા આપણી યુનિવર્સીટીને સોંપવામાં આવેલ. આ બાબતે દેશની બધી જ ઓપન યુવિર્સિટીઓના કુલપતિશ્રીઓની બે મિટીંગ ગત સપ્ટેમ્બર-૨૦૦૮ માસમાં તેમજ ફેબ્રુઆરી - ૨૦૦૯માં આપણી યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદમાં ગોઠવવામાં આવેલ તેના ફળશ્રુતિ રુપે ગુણવત્તા મૂલ્યાંકનની હેન્ડબુક, મેન્યુઅલ, ગાઈડ લાઈન્સ તૈયાર કરવામાં આવેલ છે. જે ટૂંક સમયમાં અમલમાં આવશે. આશા છે કે મૂલ્યાંકનની આ પદ્ધતિ દ્વારા ઓપન યુનિવર્સિટીઓમાં ગુણવત્તાની નવી પહેલ થશે.

ડૉ. અવધેશકુમાર સિંહ
કુલપતિ

## Joint Meeting of BOM - Members of YCMOU (Nasik) & Dr. BAOU (Ahmedabad)

યુનિવર્સિટી દ્વારા ઓપન યુનિવર્સિટી માટે મૂલ્યાંકનની વ્યવસ્થા કરવા માટે આ યુનિવર્સિટીના પ્રસ્તાવને DEC નવી દિલ્હી દ્વારા સ્વીકૃત થયેલ. આ બાબતે દેશની બધી જ ઓપન યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની મિટિંગ આપણી યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદમાં યોજવામાં આવેલમાં ચર્ચા થયા અનુસાર, YCMOUના વાઈસ ચાન્સેલરશ્રી પ્રો. રાજનભાઈ વેલુકરજીએ આપણા આમંત્રણનો સ્વીકાર કરી તા. 24-01-2009ના રોજ જોઈન્ટ મિટિંગ યોજવામાં આવેલ.

જોઈન્ટ કમિટી મિટિંગનો હેતુ બંને યુનિવર્સિટીના અધિકારીઓ મળે, એકબીજાનું સારું અનુકરણ કરી શકે તથા શીખે તે છે. સમગ્ર દેશમાં બે ઓપન યુનિવર્સિટીના પદાધિકારીઓ મળતાં હોય તેઓ આ પ્રથમ પ્રયાસ અને પ્રસંગ છે.

YCMOU તરફથી સાત મહાનુભાવો હાજર રહેલ.

બંને યુનિવર્સિટીના પદાધિકારીઓ લંબાણપૂર્વક ચર્ચાને અંતે નીચે મુજબની કામગીરી/બાબતો માટે સહમતિ દર્શાવવામાં આવી.

1. Course Collaboration
2. Joint Course can be offered
3. Teacher Exchange Programme
4. Non-teaching Staff Exchange Programme
5. Collaborative Seminar & Joint Programme
6. Starting of short Term Courses
7. Study Material exchange can be made.
8. To sign MOU with YCMOU by Dr. Babasaheb Ambedkar Open University for agriculture related Course.
9. To sign MOU with Dr. Babasaheb Ambedkar Open University by YCMOU for courses for YOGA, Naturopathy. Anganwadi, Rector, 109 service.
10. To exmine the National Asha Programme & try to implement.
11. Two days Orientation Programme for Heads of YCMOU faculties with Dr. Babasaheb Ambedkar Open University faculties and staff members.

આ ચર્ચાને અંતે આગળની કામગીરી અર્થે નીચે મુજબની કમિટી બનાવવામાં આવી.

| No. | | Name |
|---|---|---|
| 1. | Joint Committee for YCMOU | 1. Shri R. S. Patel (BOM-Member) |
| | | 2. Kum. Mandaben Parikh (BOM-Member) |
| | | 3. Smt. Sharddhaben Rai (BOM-Member) |
| | | 4. Shri P. K. Mehta (APB Member) |
| | | 5. Shri. Madhubhai Patel (APB Member) |
| 2. | Committee for (Administrative Study YCMOU'S Management of Examination) | 1. Shri Y. M. Shukla (BOM-Member) |
| | | 2. Shri Paragbhai Naik (APB Member) |
| | | 3. Director |
| | | 4. Registrar |
| | | 5. I/c. Exam |
| 3. | Committee for Agricultural Related Courses | 1. Shri Lalbhai V. Patel (BOM-Member) |
| | | 2. Shri Dharambhai Kambliya (BOM-Member) |
| | | 3. Shri Paragbhai Naik (BOM-Member) |
| | | 4. Shri Bharatij Thakor (Lecturer) |
| | | 5. Shri Navnitbhai Gaikvad (Lecturer) |

ચર્ચામાં Agriculture માટેના કોર્ષમાં શૈક્ષણિક લાયકાત જરૂરી નથી. ડ્રાઇવર માટે ટૂંકા ગાળાનો સર્ટી કોર્ષ ચાલુ કરવા વિશે સહમતિ દર્શાવી.

ઈ/ચા. કુલસચિવ

જેમની સાથે આ યુનિવર્સિટીનું નામ જોડાયું છે તેવા ડૉ. બાબાસાહેબ આંબેડકર વ્યાખ્યાનમાળાનું ઉદ્‌ઘાટન તા.22-12-2007ના દિવસે શ્રી મોરારી બાપુના વ્યાખ્યાનથી કરવામાં આવેલી. બીજું વ્યાખ્યાન તા.24-12-2008ના રોજ ભાઈકાકા હોલ ખાતે **ડૉ. કિરીટભાઈ જોષીએ** આપ્યું હતું.

યુનિવર્સિટીના કુલપતિશ્રી એ.કે. સિંહે પોતાના વક્તવ્યમાં ડૉ. કિરીટભાઈ જોષીનો પરિચય આપતાં જણાવ્યું કે આજે સંયોગ અને સુયોગ બન્ને છે કે જોષી સાહેબ આજે જીવનના ઉદ્દેશ પર વ્યાખ્યાન આપશે જ્યારે આપણે શિક્ષણના મુખ્ય ઉદ્દેશોથી દૂર જતા રહ્યા છીએ ત્યારે તેના પ્રશ્નો ઉપર વક્તવ્ય આપવા માટે જોષી સાહેબ આપણું આમંત્રણ સ્વીકાર્યુ તે બદલ તેમના આભારી છીએ.



દીપ પ્રાગટય માન. કુલપતિશ્રી એ.કે. સિંહ, કુલસચિવશ્રી એસ.સી. શાહ, શ્રી જોષી સાહેબ (ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના શિક્ષણ સલાહકાર), ડૉ. દક્ષાબેન ઠાકર, ગીતા પરીખ

ડૉ. કિરીટભાઈ જોષીએ મુંબઈ યુનિવર્સિટીમાંથી ફિલોસૉફી અને કાયદાનો અભ્યાસ કરેલો છે. 1955માં IAS થયા, 1956માં રાજીનામું આપ્યું. તેઓએ 'શ્રી અરબિન્દો ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એજ્યુકેશનમાં' ફિલોસોફી અને સાયકોલોજીના શિક્ષક તરીકે કાર્ય કર્યું. 1976માં એમણે ભારત સરકારના "મિનીસ્ટ્રી ઓફ એજ્યુકેશન અંતર્ગત "શિક્ષણ સલાહકાર" તરીકે આમંત્રણ મળ્યું. ડૉ. જોષી યુનેસ્કોની હેમબર્ગ ખાતેની ઈન્સ્ટીટયુટ ઓફ એજ્યુકેશનના વાઈસ ચેરમેન પણ હતાં. તેમણે નવા યુગના શિક્ષણને લગતાં પુસ્તકોનું લેખનકાર્ય કર્યુ છે.

ડૉ. કિરીટ જોષીનું ગુજરાતમાં આગમન અને ગુજરાતના મુ.મંત્રીશ્રીના શિક્ષણ સલાહકાર તરીકે નિમણૂંક, ગુજરાતના શૈક્ષણિક સ્તરને નવી દિશા પ્રદાન કરશે.

ડૉ. કિરીટભાઈ જોષીએ શરૂઆતમાં, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી એ જે પ્રગતિ કરી છે, તેની સાથે જોડવાનો મોકો મળ્યો છે, તેના માટે આનંદ વ્યક્ત કર્યો. તેમણે પોતાનું વક્તવ્ય આપતાં જણાવ્યું કે આપણા શિક્ષણના ઉદ્દેશ આપણી સામે સ્પષ્ટતાથી મુકાયો નથી જેના લીધે આપણું શિક્ષણશાસ્ત્ર પાંગળું બનેલું છે. શિક્ષણ અને જીવન બંને સાથે સંબંધ હોવો જોઈએ. જીવન એટલે શું ? તેનો ઉદ્દેશ શું ? તેની પર વિચાર કરવાની જરૂર છે. આજનું શિક્ષણ વિદ્યાર્થીના જીવનનો ઉદ્દેશ શું છે તેના ઉપર આંગળી પર ચિંધી નથી શકતું આપણાં શિક્ષણમાં પાંચ ખામીઓ રહેલી છે. આપણી શિક્ષણ પ્રણાલી જીવન ઘડતી નથી, મૂલ્યવર્તી નથી, વ્યાખ્યાન વર્તી નથી, વ્યક્તિત્વની પૂર્ણતા પ્રાપ્ત માટેની નથી. આજની શિક્ષણ પદ્ધતિ પરીક્ષા તરફ વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રીત કરે છે. આજના શિક્ષણને વ્યવસ્થિત કરવા ભગીરથ પ્રયાસ કરવાની જરૂર છે. જેમાં પ્રથમ જીવનના ઉદ્દેશથી વિચાર કરવો જોઈએ.

જીવનના ઉદ્દેશ માટે ઘણી વિચારધારાઓ આપણી સમક્ષ છે ઘણી વિરોધાભાસ છે. ઘણી પરચૂરણ શોધખોળ કરવી એ શિક્ષાની મુખ્ય પદ્ધતિ હોવી જોઈએ. જીવનના ઉદ્દેશો ઉદ્યાન છે તેમાંથી થોડાક પુષ્પો ચુંટી પ્રસ્તુત કરેલ છે.




આંબેડકર યુનિ. માન. કુલપતિશ્રી એ. કે. સિંહ, ડૉ. જોષી કુલસચિવશ્રી એસ.સી. શાહ

એમણે કહ્યું કે જીવનના ઉદ્દેશ પર ચાર તર્કધારાનો ઉદ્‌ભવ થયો છે. 1. વિશ્વાતીત દૃષ્ટિકોણ 2. વૈશ્વિક પાર્થિવ દૃષ્ટિકોણ 3. પાર્થિવતલ સ્વર્ગ પરક દૃષ્ટિકોણ 4. સમન્વિત સમગ્ર દૃષ્ટિકોણ.

આ ચારેય દૃષ્ટિકોણ સંદર્ભમાં ડૉ. કિરીટભાઈ જોષીએ એક નાની ફિલ્મ તૈયાર કરેલ તેના વડે જીવનના ઉદ્દેશોથી વાકેફ કરવાનો પ્રયત્ન કર્યો. સૌ શ્રોતા જનોએ તેને શાંતિથી માણી આનંદ વિભર થયાં.

હરદ્વાર ગોસ્વામીએ યુનિવર્સિટીનું કવિ અનિલ જોશીએ તૈયાર કરેલું ગીત રજૂ કર્યું હતું.

યુનિવર્સિટીના નિયામક (માનવવિદ્યાઓ) ડૉ. રમણ સોનીએ આભાર વ્યક્ત કરતાં કહ્યું, કે વ્યાખ્યાન વિશિષ્ટ હતું કેમ કે એ પ્રવચન નહીં પણ પ્રસ્તુતિ હતી. આ પ્રસ્તુતિમાં ડૉ. જોષીની આ રચનાત્મક રજૂઆતમાં વારંવાર સમુદ્રના મોજાની વિવિધ ગતિ હતી એમાં જીવનને સમજવાની વ્યાકુળતા પ્રગટ થતી હતી. પ્રતીકાત્મક રીતે શ્રી જોશીજીએ આ રીતે સંસ્કૃતિની રજૂઆત કરી તે હજુ વધુ જિજ્ઞાસા જગાડનારી છે. આભાર

**- ચેતના શાહ**

## કેન્દ્ર સંયોજકો સાથે વિમર્શ : એક વિશિષ્ટ કાર્યક્રમ

તા.24-12-2008ના રોજ બપોરે બે વાગે ભાઈકાકા ભવનમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો. શરૂઆતમાં કુલપતિશ્રી એ. કે. સિંહે આવેલ કેન્દ્ર સંયોજકોને સંબોધતાં કહ્યું કે કેન્દ્ર અને યુનિવર્સિટીનો ડેટા તૈયાર થાય તો ભૂલોનું નિવારણ કરી શકાય. વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ માટે શું કરવું જોઈએ તે વિષે કેન્દ્ર સંયોજકોને પોતાના મંતવ્યો આપવા જણાવ્યું. સ્વર્ણિમ ગુજરાતમાં ઓપન યુનિવર્સિટી અને તેના કેન્દ્રો કેવી ભૂમિકા ભજવી શકે તે માટે તૈયાર કરવા જણાવ્યું તથા આગામી પરીક્ષાની તારીખ અને આયોજન કરવા સંયોજકોને જણાવી વક્તવ્ય પૂર્ણ કર્યુ. ત્યારબાદ યુનિવર્સિટી દ્વારા કેન્દ્રના સંયોજકોને જુદા જુદા વિષય પર કેન્દ્રની જવાબદારી પર પોતાના મંતવ્યો રજુ કરવા કહ્યું.




પ્રવિણભાઈ ચૌધરી(કડી), વિમલભાઈ વૈદ્ય(મહેસાણા),
કિરણભાઈ દેસાઈ(તલોદ), બી. વી. વ્યાસ(આદિપુર)
અવનીબેન ત્રિવેદી(**IGNOU**), એસ.સી.શાહ(કુલસચિવ),
સૈયદ સાહેબ (ભરૂચ), આર.એસ. શાહ(ભૂજ)

### સ્ટુડન્ટ સપોર્ટ સર્વિસ :

ઈડર કેન્દ્ર સંયોજક શ્રી એચ.પી. પંડ્યા સાહેબે પોતાના મંતવ્યમાં જણાવ્યું કે સ્ટુડન્ટ ઓરીએન્ટેશન એપ્રોચ હોવો જોઈએ. ટેલીફોનની એક જ લાઈન છે તે વધારવી જોઈએ. સ્ટાફ વધારવો જોઈએ. રીજલ્ટ મોડા આવે છે. જે પાર્ટ ટાઈમ સ્ટાફ કેન્દ્રો પર આપવામાં આવે છે તે અંગે વિચારણા કરવા જેવી છે. છેલ્લા બે વર્ષમાં વિદ્યાર્થીના પ્રશ્નો ઘણા ઓછા થયા છે.

### પરિચય બેઠકનું મહત્ત્વ અને મટીરીયલની ગુણવત્તા :

કડી કેન્દ્રના સંયોજકશ્રી પ્રવીણભાઈ ચૌધરીએ પોતાના મંતવ્યો જણાવતા કહ્યું કે પરિચય બેઠકમાં સંયોજકનો રોલ મહત્ત્વનો છે. પરિચય બેઠકમાં દરેક વિદ્યાર્થીનો પરિચય કરાવવો જોઈએ વિદ્યાર્થીને દૂરવર્તી શિક્ષણ વિશે સમજાવી સ્વઅધ્યન કેવી રીતે કરવું, સ્વાધ્યાય કાર્યો વગેરે વિશે વિગતવાર માહિતી આપવી જોઈએ. આવેલું મટીરીયલ ચેક કરી વિદ્યાર્થીને તેના કોડ નંબર સમજાવવા જોઈએ. યુનિવર્સિટીએ માન્ય કરેલ પરામર્શક અને અન્ય સ્ટાફ સાથે હાજર રહેવું જોઈએ. વિદ્યાર્થીને આપેલ મટીરીયલ્સનું મહત્ત્વ અને તેમાંથી સ્વઅધ્યન કેવી રીતે કરવું તે સમજાવવું જોઈએ.

### કેન્દ્ર કક્ષાએ રેકોર્ડ વ્યવસ્થાપન :

કેન્દ્ર વિદ્યાર્થીનો ડેટા, સ્વાધ્યાયકાર્યોના માર્કસ, શિષ્યવૃત્તિના ફોર્મ વગેરેનો વ્યવસ્થિત ડેટા રાખવો જોઈએ. પ્રવેશના ફોર્મના રેકોર્ડ રાખવા જોઈએ. અભ્યાસસામગ્રી, પરિચયબેઠક, પરીક્ષા વગેરેની જાણ કેન્દ્ર કક્ષાએથી વિદ્યાર્થીને કરવી જોઈએ. યુનિવર્સિટીએ એકેડમિક કેલેન્ડર બનાવવું જોઈએ અને તેને અનુસરવું જોઈએ. સારી વેબસાઈટ બનાવી વિગતો પર મુકવી જોઈએ.

### જુદાં જુદાં ઉપકરણોથી પરામર્શન :

ભરૂચ કેન્દ્ર સંયોજક પ્રા સૈયદ સાહેબે પોતાના વક્તવ્યમાં કહ્યું કે 21મી સદીના બદલાતાં યુગમાં જરૂરિયાતો બદલાઈ છે. વિદ્યાર્થી સુધી કેવી રીતે પહોંચવું. સમયના અભાવના કારણે વિદ્યાર્થીની પણ વિચારધારા બદલાઈ છે. દૂરવર્તી શિક્ષણ સાચા અર્થમાં દૂરવર્તી બન્યું છે. વર્ગખંડનું સ્થાન માધ્યમે લીધું છે. ટેલીવીઝન, સેટેલાઈટ કોમ્યુનીકેશન DTH System દ્વારા પરામર્શન ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. ICT ના જુદા જુદા ઉપકરણો દ્વારા પરામર્શન કરવું જોઈએ.

### કેન્દ્ર કક્ષાએ વિદ્યાર્થી સેવાનું માળખું અને તેની ઉપયોગિતા

આદિપુર કેન્દ્રના પ્રો. વ્યાસે પોતાનાં મંતવ્યો રજૂ કરતાં જણાવ્યું કે કેન્દ્રની શરૂઆત કરીએ ત્યારે સંખ્યા ઓછી હોય પરંતુ જો કેન્દ્ર તરફથી વિદ્યાર્થીને સેવા વધારે મળશે તો સંખ્યા વધશે. કેન્દ્રોને બધા જ કોર્ષ આપવા જોઈએ. કેન્દ્ર એ બેનર બનાવવું જોઈએ. કેન્દ્રનો સમય નક્કી હોવો જોઈએ. પરિચય બેઠકનું આયોજન કરી વિદ્યાર્થી પરિચય કરાવવો જોઈએ. સ્વાધ્યાય કાર્યોના ગુણ આપવા જોઈએ. વિદ્યાર્થીને જેટલી સારી સેવા આપવામાં આવશે તેટલી સંખ્યા વધશે.

### સ્વાધ્યાકાર્ય અને મૂલ્યાંકન :

અગાઉના સ્વાધ્યાય કાર્યની સાથે તેની Key કેન્દ્રને મળવી જોઈએ. સ્વાધ્યાયકાર્યની સંખ્યામાં IGNOU એ જે સુધારો કર્યો છે. તે પ્રમાણે સુધારો BAOU એ પણ કરેલ છે. નવા સેન્ટરોમાં ઓછી સંખ્યા હોય તો પણ તેને પ્રોત્સાહિત કરવા ચાલું રાખવા જોઈએ. પરીક્ષાની તૈયારી માટે પુરતો સમય આપવો જોઈએ. પરીક્ષાનું એસેસમેન્ટની કાર્યવાહી વિકેન્દ્રીત કરવી જોઈએ કે જેથી પરિણામ ઝડપી બને.

### પરીક્ષા અને પ્રવેશ :

ઈગ્નૂનાં આસી.ડાયરેક્ટર ડૉ. અવનિબેન ત્રિવેદીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે દૂરવર્તી પદ્ધતિ નવી છે. દૂરવર્તી શિક્ષણ જે ઓલટરનેટીવ વ્યવસ્થા હતી તેને બદલે તે મહત્વનું સ્થાન લઈ રહી છે. દૂરવર્તીનો વિદ્યાર્થી પ્રવેશ માટે આવે છે ત્યારે તે ખૂબ જ મુંઝવાયેલો હોય છે. તેને આપણે Distance learning નાં ખ્યાલ આપવો જોઈએ. યુનિવર્સિટીની માન્યતા માટેના ભ્રામક ખ્યાલ દૂર કરી તેને અગત્યતા સમજાવવી જોઈએ. દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ કોને માટે છે તે સમજાવવું જોઈએ. Open admission રાખવું જોઈએ. Pre-admission Counselling નું આયોજન કરવું જોઈએ.

પરીક્ષા વિશે જણાવતાં તેમણે કહ્યું વિદ્યાર્થીને SIMS વિશે માહિતીગાર કરવો જોઈએ. કાઉન્સેલીંગ પ્રોગ્રામ વિશે સેટેલાઈટ કાઉન્સેલીંગ વિશે માહિતી આપવી જોઈએ. સ્વાધ્યાય કાર્યો, ટર્મ એન્ડ એક્ઝામ વગેરેની માહિતી આપી પરીક્ષાનું મહત્ત્વ સમજાવવું જોઈએ. આમ પ્રવેશ અને પરીક્ષા બાબતે વિદ્યાર્થીને જાગૃત કરવામાં આવશે તો પ્રશ્નોનું આપો આપ નિરાકરણ થઈ જશે.

આવનાર અને મંતવ્ય આપનાર તમામ સંયોજકશ્રીનો હરદ્વાર ગોસ્વામી એ આભાર માન્યો હતો.

*ઈ.ચા. નિયામક કુલસચિવશ્રી સુરેન્દ્ર શાહ તથા વ્યા.* દિલીપભાઈ કાતરીયા દ્વારા પરીક્ષાના આયોજન માટે કેન્દ્ર સંયોજક સાથે વિચારણા કરી તારીખ નક્કી કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

**- ચેતના શાહ**

## 'સ્વર્ણિમ ગુજરાત અને ઉચ્ચશિક્ષણ : ઉદ્દેશો અને પ્રાપ્તિ :'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા આયોજિત 'સ્વર્ણિમ ગુજરાત અને ઉચ્ચશિક્ષણ : ઉદ્દેશ્યો અને તેની પ્રાપ્તિ' એ વિષય પર એક દિવસીય પરિસંવાદ તા.01-01-2009ના રોજ જીસીઈઆરટી કેમ્પસ, સેક્ટર-12, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો.

'સ્વર્ણિમ ગુજરાત અને ઉચ્ચશિક્ષણ : ઉદ્દેશ્યો અને તેની પ્રાપ્તિ' એ વિશે પરિસંવાદ જુદા-જુદા સત્રમાં યોજાયો. પ્રથમ ઉદ્‌ઘાટન સત્ર, બીજા વિભાગમાં સમૂહ ચર્ચાસત્ર રહ્યું હતું. જ્યારે ત્રીજા વિભાગમાં સમાપન સત્રનો સમાવેશ થયો હતો.



**માન. શિક્ષણ મંત્રીશ્રી રમણભાઈ વોરા, કુલપતિશ્રી એ.કે. સિંહ, કુલ સચિવશ્રી એસ.સી.શાહ**

'સ્વર્ણિમ ગુજરાત અને ઉચ્ચશિક્ષણ : ઉદ્દેશ્યો અને તેની પ્રાપ્તિ' એ પરિસંવાદનું ઉદ્‌ઘાટન મુખ્ય મહેમાન માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ દીપપ્રાગટ્યથી કર્યુ હતું. તેમની સાથે કુલપતિશ્રી ડૉ. અવધેશકુમાર સિંહ અને ઈ/ચા. કુલસચિવ શ્રી એસ. સી. શાહ જોડાયા હતા.

કુલપતિશ્રી ડૉ. સિંહે સ્વાગત પ્રવચનમાં કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી આપી હતી. તેમણે તેમના વક્તવ્યમાં સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ યાત્રાના 12 સંકલ્પો વિશેના પ્રેઝન્ટેશન દ્વારા શ્રોતાઓને સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પની વાત સ્પષ્ટ કરી આપી હતી. આ ઉપરાંત તેમણે ઉચ્ચશિક્ષણ ક્ષેત્રની પરિસ્થિતિમાં ઓપન યુનિવર્સિટીની ભૂમિકા, તેનું કાર્ય અને પરિણામ સુધીની પ્રક્રિયામાં ગુજરાતના છેવાડાના અંતરિયાળ ગામડાઓના વિદ્યાર્થીઓને ઓપન યુનિવર્સિટીનો વધુ લાભ મળે તે બાબત પર વિશેષ ભાર મૂક્યો હતો. તેની સાથોસાથ તેમણે ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને રોજગારીની તકો, પ્રમાણપત્ર વિનાના કોર્સ, કૌશલ્યો નિપુણતા, સ્વર્ણિમ ગુજરાત યુવક જ્ઞાન મહોત્સવ વગેરે બાબતોને સાંકળી હતી.

પરિસંવાદના મુખ્ય મહેમાન શ્રી રમણલાલ વોરાએ ગુજરાત સરકાર પ્રેરિત સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ જ્યોત વિશે વિગતે વાત કરી. એમણે સ્વર્ણિમ સંકલ્પ જ્યોતનો અર્થ સમજાવતાં કહ્યું હતું કે, ગુજરાતની સાડા પાંચ કરોડ વસ્તી આ સંકલ્પ લે તો એમના સંકલ્પો સાડા પાંચ કરોડ પગલાં આગળ ધપશે. આ ઉપરાંત તેમણે પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણના ભાવિ વિકાસના નિર્દેશો આપ્યા. ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલ તમામ કર્મચારીઓને તાલીમ મળે એવું લક્ષ્ય રખાયું છે. રાજ્ય સરકારની પેપરલેસ ફાઈલ પર રાજ્ય સરકારના વહીવટની વાત, રોજગારીની તકો, ચિલ્ડ્રન યુનિવર્સિટી વગેરેની વાત તેમણે કરી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેન્દ્રના સંયોજકો દ્વારા અલગ-અલગ જૂથ વિભાજન કરી તેમાં દસ મુદ્દાઓ વિશે સઘન ચર્ચા યોજાઈ હતી. આ ચર્ચાસત્રમાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધારવા ઓપન યુનિવર્સિટીની ભૂમિકા, ગુણવત્તા સુધારવા અંગે, વિદ્યાર્થી સહાય સેવા, સ્વર્ણિમ ગુજરાત યુવક જ્ઞાન મહોત્સવ, પ્લેસમેન્ટ, આગામી બે વર્ષમાં નવા પાઠ્યક્રમો/અભ્યાસક્રમો, સંચાલનમાં ગુણવત્તાનો સુધાર, ઉચ્ચ શિક્ષણમાં ઓપન યુનિવર્સિટીનો વિકાસ અને ફાળો, 21મી સદીમાં ઉચ્ચશિક્ષણના પડકારો અને ઓપન યુનિવર્સિટીની ભૂમિકા તથા યુનિવર્સિટી માટે નવા ઉપક્રમો જેવા મુદ્દાઓ વિશે કેન્દ્ર સંયોજકોએ ચર્ચા વિચારણા કરી હતી.



**સમૂહ ચર્ચા સત્ર**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજિત આ પરિસંવાદની સમાપન બેઠકમાં મુખ્ય મહેમાન માનનીય મંત્રીશ્રી ડૉ. માયાબહેન કોડનાની, અતિથિ વિશેષ શ્રીમતી જયંતિ રવિ-કમિશ્નરશ્રી ઉચ્ચશિક્ષણ તરીકે હાજર રહ્યાં હતાં.



**શિક્ષણ મંત્રીશ્રી ડૉ. માયાબેન કોડનાની, જયંતીબેન રવિ (કમિશ્નર, હાયર એજ્યુકેશન) કુલપતિ ડૉ. એ. કે. સિંહ, શ્રી એસ.સી. શાહ (કુલસચિવ)**

ઉચ્ચશિક્ષણ કમિશ્નર શ્રીમતી જયંતિ રવિએ તેમના વક્તવ્યના પ્રારંભમાં ડૉ. અવધેશકુમાર સિંહને અભિનંદન આપતાં કહ્યું હતું કે ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે પહેલ કરનાર, કટિબદ્ધતાથી કાર્ય કરનાર બહુ ઓછા માણસો છે. આ ઉપરાંત તેમણે ગુજરાતના હાલના શિક્ષણની સમીક્ષા કરતાં કહ્યું હતું કે, 13 ટકા લોકોને રોજગારી આપી શકાય. તેમ જણાવી પ્લેસમેન્ટના ઉદ્દેશ્ય અને તેનાં લક્ષ્યાંક વિશે વાત કરી હતી. માનનીય મંત્રીશ્રી ડૉ. માયાબહેન કોડનાનીએ તેમના અધ્યક્ષીય વક્તવ્યમાં રાષ્ટ્રીય લક્ષ્યાંક વગેરેની ચર્ચા કરી આપણા રાજ્યનું પ્રાથમિક શિક્ષણ વધારવા માટે ઉચ્ચશિક્ષણની અગત્યની ભૂમિકા બની રહેશે. તેમણે આત્મમંથન કરી આત્મવિશ્વાસ કેળવવા પર ભાર મૂક્યો હતો. તેમણે તેમના વક્તવ્યના અંતમાં કહ્યું કે, "માત્ર મારા ઘરનું બાળક મારું એવી જ રીતે મારી સંસ્થામાં આવનાર બાળક મારું બને તો ગુજરાતનો વિકાસ થશે."

તેમણે ગુજરાત રાજ્યમાં એશિયામાં ક્યાંય નથી એવી ચિલ્ડ્રન યુનિવર્સિટી સ્થાપવાનું એલાન કર્યુ હતું. સાથોસાથ સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પની વાત કરી. આપણી ફરજ, આપણું યોગદાન, આપણો નાગરિક ધર્મ વગેરે બાબતોને કેન્દ્રમાં રાખી સુંદર વાત કરી હતી. કાર્યક્રમની આભારવિધિ કરતા ડૉ. અવધેશકુમાર સિંહે જણાવ્યું હતું કે, આપણે પરમાત્માનો આભાર માનવો જોઈએ કે સ્વર્ણિમ ગુજરાતનું લક્ષ મળ્યું છે અને તેના ભાગીદાર આપણે બન્યા છીએ. સ્વર્ણિમ ગુજરાતના લક્ષોને પહોંચી વળવા માટે આપણે શું કરી શકીએ તે વિચારીએ. 2009ના વર્ષની શુભ શરૂઆત સ્વર્ણિમ ગુજરાતના પરિસંવાદ દ્વારા થઈ છે તે સૂચક છે. તેમણે માનનીય મંત્રીશ્રી ડૉ. માયાબહેન કોડનાની અને ઉચ્ચશિક્ષણ કમિશ્નર શ્રીમતી જયંતિ રવિ તેમજ પરિસંવાદમાં ઉપસ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગુજરાતભરના કેન્દ્ર સંચાલકોનો આભાર માની અંતે મશહૂર શાયર ફિરાકના એક શેર- "આને વાલી નસ્લે કહેગી હમને ફિરાક કો દેખા થા"એની સાથે જ કાર્યક્રમનું સમાપન કર્યુ હતું.

- ચેતના શાહ
- ભરત ઠાકોર

## વિદ્યાર્થીનીઓનો વ્યક્તિત્વ વિકાસ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા "વિમેન્સ ડેવલપમેન્ટ સેલ"ની રચના કરવામાં આવેલ છે. સેલ દ્વારા તા.28-01-2009એ એનેક્ષી સરકીટ હાઉસમાં "વિદ્યાર્થીનીઓનો વ્યક્તિત્વ વિકાસ" પર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવેલું.

સરસ્વતી વંદનની શરૂ કરેલ સેમિનારના ઉદ્‌ઘાટન સત્રમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. એ. કે. સિંહ હતા. ડૉ. નીતાબેન શાહ (ઈ ગવરનૅન્સ ગુજરાત રાજ્ય) અતિથિ વિશેષ તરીકે ડૉ. મન્દાબેન પરીખ (બોર્ડ મેમ્બર ડૉ.બા.આ.ઓ.યુ.) હતાં. આ ઉપરાંત ડૉ.શ્રદ્ધાબેન રાય, (બોર્ડ મેમ્બર ડૉ.બા.આં.ઓ.યુ.) યુનિવર્સિટીના ઈ/ચા કુલસચિવશ્રી એસ.સી.શાહ, યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ, કર્મચારીઓ અને આમંત્રિત MSW ની બહેનો હાજર રહ્યાં હતાં.



**ડૉ. શ્રદ્ધાબેન રાય (BOM Members), ડૉ. ઉષાબેન ઉપાધ્યાય, શ્રીમતી પ્રીતિબેન, શ્રી હંસાબેન મંજીયાતર, શ્રીમતી શ્રદ્ધાબેન રાવ**

ડૉ. નીતાબેન શાહ દ્વારા દીપ પ્રાગટ્ય કરાવી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ત્યાર બાદ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં BPP થી માસ્ટર ડીગ્રી સુધી અભ્યાસ કરી ઉચ્ચ હોદ્દા પર કાર્ય કરતી અને અભ્યાસ કરતી ત્રણ બહેનોનું અભિવાદન કુલપતિશ્રી દ્વારા કરવામાં આવ્યું.

(1) શ્રી જ્યોતિ કેન્દ્ર કોડ નં.0101 અમદાવાદ
(2) શ્રી નીતા પરમાર કેન્દ્ર કોડ નં.0401 વી.વી.નગર
(3) શ્રી ગાયત્રી ગોસ્વામી કેન્દ્ર કોડ નં.1703 તલોદ

ઉદ્‌ઘાટન વક્તવ્ય આપતાં ડૉ. નીતાબહેને કહ્યું કે આંતરિક કૌશલ્ય દ્વારા વિકાસ કરવાનું ન ઓછા લોકોને પ્રાપ્ત થાય છે. આજની વિદ્યાર્થિનીન જીવનનાં ક્યા ક્ષેત્રમાં જશે તો તેને આત્મસંતોષ થશે તેની તેને ખબર હોતી નથી. જેમ જીવન જીવવા માટે શ્વાસ SVAS ની જરૂર છે. તેમ જીવનની સાચી રાહ પર જવું હોય તો તેને SVAS ની દિશામાં જાગ્રત થવું પડશે. સારા વાંચન વિના તે શક્ય નથી માટે વાંચનની ટેવ વિકસાવવી પડશે. SVAS એટલે -.

**S - સંસ્કાર V - વ્યક્તિત્વ A - આરોગ્ય S - શિક્ષણ :**

આ ચારેય મુદ્દા વ્યક્તિત્વ વિકાસ સાથે કેવી રીતે સંબંધિત છે તે વિશે છણાવટ કરીને વ્યક્તિત્વનો વિકાસ બાહ્ય દેખાવ પર નહીં પરંતુ અંતરના અવાજની સાચી દિશામાં રહેલ છે, તેમ એમણે કહ્યું સ્ત્રીઓ તરફ સમાજનું ઉત્તરદાયીત્વ વધારે છે. તેમાં પાયાની ભૂમિકા માતાએ અને શિક્ષકે ભજવવાની છે, સ્ત્રી સારી હોય તો બે પરિવારની તારણહાર બને છે તેમ કહી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું.



કુલપતિશ્રી એ.કે. સિંહ, ડૉ. નીતાબેન શાહ, ડૉ. મંદાબેન પરીખ

**ડૉ. મંદાબેન પરીખે** વક્તવ્ય આપતાં જણાવ્યું કે દરેક વર્ષ તમારા વ્યક્તિત્વમાં ફેરફાર કરતું જાય છે. ચીનની બહેનોનું ઉદાહરણ આપતાં જણાવ્યું કે "અમે અડધું આકાશ પકડીએ છીએ" આ આકાશ પકડવા માટે હાથમાં ઉંચાઈ, સ્થિરતા, દિશા હોય તો આકાશ ઉભું રહે. વ્યક્તિત્વ એટલે શક્તિ છે. વિદ્યાર્થી કરતાં વિદ્યાર્થીનીમાં શું જુદુ છે ? શું વિશેષ છે ? સમાજમાં જઈએ છીએ ત્યારે આપણને સંતોષ મળે છે કે નહી. સમાજ પાસેથી કંઈક મેળવીએ તો વધારે પાછું આપવાની જવાબદારી બને છે. સ્ત્રીમાં વિશેષ કરીને ત્રણ શક્તિ રહેલ છે.

**1. સહિષ્ણુતા 2. શક્તિ 3. ત્યાગ**

સ્ત્રીઓને હક્કો મેળવવાનો અધિકાર છે. તેમ તેટલી જ ફરજ સમાજને આગળ લઈ જવાની છે. તે સમતુલા તમારે શોધવાની છે. જો તે સમતુલા જળવાશે તો તમારો વ્યક્તિત્વ વિકાસ આપોઆપ થશે તેમ કહી વ્યક્તત્ય પુર્ણ કરેલ.

**ડૉ. એ. કે. સિંહ :** પોતાનું અધ્યક્ષીય પ્રવચનમાં કહ્યું કે યુનિવર્સિટી માટે આ સુખદ પ્રસંગ છે. આપણે બંહેનો અને વિદ્યાર્થીનીઓ માટે એક સ્પેસ ઊભું કરી શક્યા છીએ તેમણે યુનિવર્સિટીમાં અભ્યાસ કરનાર ત્રણે વિદ્યાર્થીનીઓને અભિનંદન આપ્યા. ઘણી મુશ્કેલીઓથી બહાર આવીને ગાયત્રીબેન ગોસ્વામી એ જે અભ્યાસ કરેલ છે તે બદલ તેના કુટુંબીજનો અને તેમને અભિનંદન પાઠવ્યા.

વ્યક્તિત્વ વિકાસ પર ઘણી ચર્ચા થઈ છે અને પુસ્તકો લખાયા છે છતાં સેમિનાર યોજવો પડે છે તેનું કારણ શિક્ષણની ખામી છે. શિક્ષણનો ઉદ્દેશ પૂર્ણ થઈ શક્યો નથી અધ્યાપક રીતે મારું પ્રભાવક વ્યક્તિત્વ ન હોય તો વિદ્યાર્થીને શું શીખવી શકાય ? સારી કે ખોટી આદત તે આપણું વ્યક્તિત્વ તેવું આપણે માનીએ છીએ. વ્યક્તિત્વ એટલે વ્યક્તિનું આંતરિક વ્યક્તિત્વ. વ્યક્તિનાં ઈન્દ્રધનુષ્યના સાત રંગોની જેમ સાત તત્વો છે.

1. શારીરિક સ્વાસ્થ્ય 2. ભાવનાત્મક સ્વાસ્થ્ય 3. બૌદ્ધિક સ્વાસ્થ્ય 4. સંબંધશીલતા 5. સૌંદર્ય 6. નૈતિક સ્વાસ્થ્ય 7. આધ્યાત્મ

આ સાતેય મુદ્દા સ્ત્રીઓમાં હોય છે તેને બહાર લાવવાની જરૂર છે. આ સાતેય તત્વ પર વિશેષ છણાવટ કરી ભાઈઓએ સામે ચાલી પોતાના હિત માટે સ્ત્રીઓને શિક્ષણ આપવાની જરૂર છે. અધિકાર અને કર્તવ્ય એકબીજા સાથે જોડાયેલા છે. માહિતી - જ્ઞાન - ડહાપણથી વ્યક્તિનો વિકાસ થાય છે. ઈન્દ્રીયોથી જે ખબર પડે તે માહિતી બુદ્ધિથી જે મળે તે જ્ઞાન અને મળેલ જ્ઞાનની સાચી દિશા શોધવી તે ડહાપણ. જો તે વ્યક્તિમાં આવશે તો આપોઆપ વ્યક્તિત્વ વિકાસ થશે.

**પ્રથમ બેઠક**

પ્રથમ બેઠકમાં **શ્રી પ્રીતિબેન શાહે** તેમના વ્યક્તવ્યમાં જણાવ્યું કે શિક્ષણ વ્યક્તિના વિકાસમાં નિષ્ફળ ગયેલ છે. શિક્ષણ અને કેળવણીનો ભેદ સમજવાની જરૂર છે તેને સ્પષ્ટ કરવાની જરૂર છે. શિક્ષણમાંથી જ્ઞાન અને જ્ઞાનમાથી પ્રજ્ઞાન થવાની ક્રિયા કેળવણીથી થાય છે. વિચાર, વાણી અને વર્ણનમાં ઐક્ય સધાય ત્યારે માણસનું વ્યક્તિત્વ વિખરાય છે. વ્યક્તિને જોતા જ તેની સમસ્યા સમજી જવાય છે. પોતાની શક્તિને ઓળખવી અને વિકસાવવી એટલે વ્યક્તિત્વ વિકાસ. વ્યક્તિત્વ વિકાસને આડા આવતાં અવરોધો દુર કરીને વ્યક્તિત્વનો વિકાસ કરવો જોઈએ વ્યક્તિના અંદરની આંતરિક શક્તિને કોઈ લઈ શકવાનું નથી. આસપાસની પરિસ્થિતિને બદલવાની તાકાત એટલે વ્યક્તિત્વ વિકાસ. તાકાત મેળવવા વાંચન જરૂરી છે. તે માટે જ્ઞાનથી સમૃદ્ધ થવું જોઈએ અને આત્મવિશ્વાસ હોવો જોઈએ. સ્ત્રીઓ તો પ્રેરણા સ્ત્રોત અને શક્તિનો મહાપુંજ છે. માતા વાત્સલ્યની મૂર્તિ છે. માતાઓ અને વડીલો દ્વારા વ્યક્તિત્વ ઘડતર કરવામાં ભાગ ભજવતી વાર્તાઓ કહેવાની કળા જે વીસરાઈ ગઈ છે તેને માટે આંબેડકર યુનિવર્સિટીએ Story telling નો એક કોર્ષ ચાલુ કરવો જોઈએ તેમ કહી વ્યક્તવ્ય પૂર્ણ કર્યુ.

**પ્રો. ઉષાબેન ઉપાધ્યાયે :** એમના વક્તવ્યમાં કહ્યું કે જે કંઈ પરિવર્તન છે તે સપાટી પરનું છે મૂળિયા સુધી પહોંચવાનું બાકી છે. તેમને સોશીયલ ફેમિંગ પર ભાર મૂકતા કહ્યું મનુષ્ય સામાજિક પ્રાણી છે. કુટુંબજીવન અને સમાજમાં તે વણાયેલો છે. છોકરા અને છોકરીના ભેદમાંથી બહાર આવવાની જરૂર છે. હકારાત્મક અભિગમ રાખી નકામી વાતોમાં ન આવતા સમયનો હિસાબ રાખીને વ્યક્તિત્વ વિકાસ કરવો તમારા હાથમાં છે. ઉત્તમ વાંચનથી તમારો આત્મા છલકાશે ત્યારે તમારો આત્મવિશ્વાસ બુલંદ બનશે. તમારું લક્ષ્ય નક્કી કરી તમારી જાતનો હિસાબ જાતે જ માગીને તમે આગળ વધો. આગળના સમય કરતાં આજનો સમય મોટો છે. આનાથી વધારે સારો સમય મેળવવા જાગૃત થવાની જરૂર છે.

**હંસાબેન મંજીયાતરે** પોતાના વક્તવ્યની શરૂઆતમાં કહ્યું કે સૌ પ્રથમવાર જ વિદ્યાર્થીનીઓના વ્યક્તિત્વ વિકાસનો સેમિનાર બાઆંઓયુ એ યોજેલ છે તે બદલે કુલપતિશ્રી અને સંયોજકોને અભિનંદન આપ્યા. ત્યારબાદ મહિલાઓના વિકાસ માટે મહિલા નોકરી ઉપરાંત ઘરે બેસીને આવક કરી પોતાનું વ્યક્તિત્વ વિકસાવી શકે તે માટે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ યોજનાઓ વિશેની માહિતી આપી તેનો લાભ કેવી રીતે લઈ શકે તે માટે વિસ્તૃત માહિતી પૂરી પાડી.

**બીજી બેઠક :**

બીજી બેઠકમાં **ગીતાબહેન આર. રાવલે** તેમણે પોતાના વક્તવ્યની શરૂઆતમાં MSW ની બે વિદ્યાર્થીનીઓના ડૉ. બાઆંઓયુના દૂરવર્તી શિક્ષણનો સ્વઅનુભવ દ્વારા MSW ની શિબીરથી તેમનો વ્યક્તિત્વ વિકાસ કેવી રીતે થયો તે સ્ટેજ પર આવી તેમના અનુભવ જણાવવા કહ્યું. બહેનોએ MSW ની શિબિરમાંથી તેમને કેવી રીતે માહિતી પ્રાપ્ત થઈ અને તેમને આગળ વધવાની તક કેવી રીતે મળી અને આજે સ્ટેજ ઉપર બોલવાની હિંમત આવી તે માટે ગીતાબહેન રાવલનો આભાર માન્યો.

સમાજમાં રહીને. સ્વનો વિકાસ કરવો એટલે વ્યક્તિત્વ વિકાસ મળેલ શિક્ષણને અનુભવમાં મુકવામાં આવે તો જરૂર વિકાસ થાય આમ વ્યક્તિત્વ વિકાસ આપણી પાસે જ છે.

**શ્રદ્ધાબેન રાયે ત્રણ મુદ્દાઓને આગળ કર્યા**

1. વ્યક્તિત્વ એટલે શું ? 2. વ્યક્તિત્વ વિકાસ કેવી રીતે થાય છે. 3. સ્વસ્થ વ્યક્તિત્વ

વ્યક્તિત્વ વિકાસના સેમિનારોની વર્ષો પહેલા જરૂરિયાત ન હતી પણ જેમજેમ Science & Technology નો વિકાસ થતો ગયો તેમ તેની જરૂરિયાત વધી છે. વ્યક્તિત્વ એ નિરંતર વિકાસ પ્રાપ્તિનો પ્રક્રિયા છે. વ્યક્તિત્વ એ આપણું પ્રતિબિંબ છે. તેના પ્રમાણે આપણું વર્તન હોય છે. ગુણો, આવેગો, બુદ્ધિ, પ્રેરણા આવી જાય ત્યારે વ્યક્તિત્વ વિકાસ થાય છે. વ્યક્તિત્વ વિકાસ કરવાની જવાબદારી પોતાની છે. તેમને સોશિયલ ફેમીંગ પર વાત કરી.

**શ્રી મીનાબહેન ભટ્ટે** કહ્યું કે વ્યક્તિત્વ એટલે માણસનો બાહ્ય દેખાવ એવી ભ્રામક માન્યતા રહેલી છે, પરંતુ વ્યક્તિત્વ એટલે વ્યક્તિની અંદરની સુંદરતા. વ્યક્તિને પોતાની રસ અને રુચિ પ્રમાણે શિક્ષણ મેળવવું, સ્વાસ્થ્ય સારું રાખવું, અને વર્તન સારું રાખવું નિરીક્ષણ કી શીખવાની ધગશ હશે તો વ્યક્તિ વધુ શીખશે. માઈન્ડ અને બોડીને ટ્રેનીંગ આપ્યા સિવાય વ્યક્તિત્વ વિકાસ થઈ શકતો નથી. સ્ત્રીઓની સુંદરતા કરતાં તેનું મહત્ત્વ સેલ્ફ આઈડેન્ટી ઉપર થવું જોઈએ.

**શ્રીરાજશ્રીબેન** કહ્યું કે બધા જ ક્ષેત્રમાં કોઈ ચોક્કસ વ્યક્તિ જ સફળતા મેળવતા હોય છે તેનું કારણ ક્રીએટીવીટીનું કામ બાજુ પર મુકી દીધુ છે. બહેનો અને ભાઈઓના ગુણ અલગ અલગ હોય છે. તેવું સંસ્કૃતિની માન્યતાને આધારે કહીએ છીએ. વ્યક્તિત્વ સારું ઓછું માધ્યમ એવા કોઈ ભાગ જ નથી. વ્યક્તિત્વ સારું જ હોય છે. આત્મવિશ્વાસ હોવો જોઈએ તો આપો આપ વ્યક્તિનો વિકાસ થાય છે. દરેક વ્યક્તિ યુનિક છે અને તમે ધારો તેવી પર્સનાલીટી બનાવી શકો છો.

**શ્રી ઈન્દિરાબેન નિત્યાનંદે** કહ્યું કે વ્યક્તિત્વ વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. જેને હું બદલી શકું તેને બદલવા માટે શક્તિ આપો જેને હું નથી બદલી શકતી તેને સ્વીકાર કરવાની શક્તિ આપો. દરેક વ્યક્તિએ સ્વપ્ન જોવું જોઈએ. પણ વ્યક્તિને વાસ્તવિકતાથી દૂર જવાની જરૂર નથી. વ્યક્તિએ પોતાની જાત માટે કંઈક નવું કરવું જોઈએ આ સેમિનાર તમારા માટે દિશા બતાવે છે અને વ્યક્તિત્વ વિકાસ તમારા હાથમાં છે.

**આભારવિધિ ડૉ. શ્રદ્ધાબેન રાયે :** આવનાર તમામ તજજ્ઞોનો જે વ્યક્તિત્વ વિકાસ પર પ્રકાશ ફેક્યો તે બદલ Womens Development Cell, બોર્ડના સભ્ય અને બાઆંઓયું વતી તમામનો આભાર માન્યો. ગાંધીજીની જેમ સ્વતંત્રતા પછીનો અન્ય ઉદ્દેશ વ્યક્તિત્વ અને ચારિત્ર નિર્માણ રાખીશું તો વ્યક્તિત્વ વિકાસ કરી શકીશું તેમ કહી આભાર વિધિ પૂર્ણ કરી.

**- ચેતના શાહ**

## સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત પેપર પ્રેઝન્ટેશન સ્પર્ધા

સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા પેપર પ્રેઝન્ટેશન તા.30-01-2009ના રોજ યુનિવર્સિટી ખાતે યોજાયું હતું. યુનિવર્સિટીએ વિવિધ વિષયોના કુલ 9 પેપર્સ પસંદ કરી વિદ્યાર્થીઓને પેપર પ્રેઝન્ટેશન માટે આમંત્રણ આપેલ. જેમાંથી 8 વિદ્યાર્થીઓએ પેપર પ્રેઝન્ટેશન કર્યુ હતું. કાર્યક્રમની

ભૂમિકા કરતા નિયામકશ્રી પ્રો. રમણ સોનીએ કહ્યું હતું કે; સ્પર્ધા એ પ્રોત્સાહક અને લેખન-પ્રેરક છે. પરંતુ એ સિવાય પણ દરેક વિદ્યાર્થીએ વાંચતા રહેવું જોઈએ, અને જે વંચાતુ હોય એના પર વિચારતા રહેવું જોઈએ. આમ લેખન અને વ્યક્તિત્વના વિકાસનાં બે મહત્ત્વનાં સોપાન છે.'



સ્વર્ણિમ ગુજરાત પેપર પ્રેઝન્ટેશન પ્રોગ્રામ

કુલસચિવશ્રી સુરેન્દ્રભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી હરદ્વાર ગોસ્વામીએ કર્યુ હતું. પેપર પ્રેઝન્ટેશનમાં વિદ્યાર્થીઓએ એમના મૌલિક વિચારોને પ્રગટ કર્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓએ ગુજરાતના વિકાસના સંદર્ભે મહત્ત્વપૂર્ણ વાત કરી હતી. સ્પર્ધાને અંતે પરિણામ આ પ્રમાણે રહ્યું હતું.

| | |
|---|---|
| પ્રથમ ક્રમ | : પરિત ઠક્કર (ઈન્ડસ મેનેજમેન્ટ ઈન્સ્ટી વડોદરા) |
| વિષય | : રૂરલ ડેવલોપમેન્ટ ઓફ ગુજરાત |
| દ્વિતીય ક્રમ | : સતવીર સિંગ (ઈન્ડસ મેનેજમેન્ટ ઈન્સ્ટી વડોદરા) |
| વિષય | : સાયન્સ, ટેક્નોલોજી & હ્યુમન વેલ્યુ. |
| તૃતીય ક્રમ | : રસીલા વાડિયાતર (શ્રી સરદાર પટેલ ટ્રસ્ટ સંચાલિત) |
| વિષય | : ગુજરાત અને ભારતના વિકાસમાં આજના યુવાનોનું યોગદાન નિર્ણાયક તરીકે આકાશવાણી અમદાવાદના સિનિયર એનાઉન્સર **શ્રીમતી સુધાબેન માલવડેએ** પ્રતિભાવ આપતા કહ્યું કે, 'આવી સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો વિકાસ થાય છે.' |

બીજા નિર્ણાયક **ડૉ. આરતીબેન ત્રિવેદીએ** (અધ્યક્ષ: ગુજરાતી વિભાગ, ગર્વમેન્ટ આર્ટ્સ કોલેજ ગાંધીનગર) જણાવ્યું કે, 'ઓપન યુનિવર્સિટી' દ્વારા આ પ્રકારના કાર્યક્રમો ઈચ્છનીય છે, આંબેડકર યુનિવર્સિટી એ બે-ત્રણ વર્ષમાં કેટલાક મહત્વપૂર્ણ કાર્યક્રમો આપ્યા છે, એમાનો આ એક છે'

ત્રીજા નિર્ણાયક **પ્રા. શંકર સોઢાએ** (અધ્યક્ષ: એકાઉન્ટસી વિભાગ, જી.એલ.એસ.આઈ.સી. અમદાવાદ) જણાવ્યું કે 'આવી સ્પર્ધાઓથી વિદ્યાર્થીઓ હાલના હાઈટેક યુગ સાથે કદમ મેળવી શકશે.'

સમગ્ર કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓનો આહલાદક અનુભવ રહ્યો હતો. સાથે આવેલા કેન્દ્ર સંયોજકોએ પણ પરિતોષ વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓ કૈંક પામ્યાની પ્રાપ્તિ સાથે વિદાય થયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. ધવલ પંડ્યાએ (મેનેજમેન્ટ) કર્યુ હતું.

હરદ્વાર ગોસ્વામી

## કાર્યશાળા :

## Preparing Manual of Peer Team and Guidelines

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ડીસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સીલ, નવી દિલ્હીના સહયોગથી દૂરવર્તી શૈક્ષણિક સંસ્થાઓ માટે એસેસમેન્ટ અને એક્રેડીટેશન માર્ગદર્શન મેન્યુઅલ તૈયાર કરવા માટે વિવિધ રાજયની ઓપન યુનિ.નાં કુલપતિશ્રીઓની બે દિવસીય કાર્યશાળાનું આયોજન તા.14 અને 15 ફેબ્રુઆરી, 2009નાં રોજ થયું હતું.

દૂરવર્તી શિક્ષણ પદ્ધતિમાં શિક્ષણના સ્તરમાં ગુણવત્તા લાવવા માટે ડીસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલના ચૅરમૅન પ્રો. રાજશેખરન પિલ્લાઈ દ્વારા આ યોજના માટે આ યુનિવર્સિટી દ્વારા આયોજિત ઓપન યુનિ.ઓના કુલપતિશ્રીઓની મીટિંગ 29-09-2008 માં રજૂ કરવામાં આવી હતી.

મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, તામિલનાડુ એમ અલગ અલગ રાજ્યના કુલપતિશ્રીઓની આ કાર્યશાળામાં સક્રિય હિસ્સેદારી હતી. સ્ટેટ યુનિ.ના ડાયરેક્ટરશ્રીઓ, ઈગ્નૂના પ્રો. વાઈસ ચાન્સલર ડો. લત્તા પિલ્લાઈ, ડીસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સીલનાં ડૉ. મંજુલિકા શ્રીવાસ્તવ, ડીસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સીલના બીજા હોદ્દેદારો તથા બીજી ઓપન યુનિ.નાં અનુભવી નિષ્ણાંતોએ ભાગ લીધો હતો.

આ કાર્યશાળાને અંતે "હેન્ડબુક ફોર એસેસમેન્ટ" અને "ગાઈડલાઈન્સ ફોર ધ ઈન્સ્ટીટ્યુશન એન્ડ મેમ્બર્સ ઓફ ધ પીઅર ટીમ" આ ડોક્યુમેન્ટને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

જે રીતે NAAC પરંપરાગત યુનિ. માટે કાર્યરત છે એ મુજબ દૂરવર્તી શૈક્ષણિક સંસ્થાઓ માટે નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન બોર્ડ કાર્યરત થશે.

તદુપરાંત હાજર રહેલા સભ્યો દ્વારા નેશનલ મિશન ઓન એજ્યુકેશન થ્રુ આઈ.સી.ટી., એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટી માટે ક્રેડીટ ટ્રાન્સફર સ્કિમ તથા દૂરવર્તી શૈક્ષણિક સંસ્થાઓમાં ગુણવત્તા સુધાર વિશે ચર્ચા થઈ હતી.

દૂરવર્તી શૈક્ષણિક પ્રણાલીની ભૂમિકા વિશે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીના શિક્ષણ સલાહકાર પ્રો. કિરીટભાઈ જોશીએ મનનીય વક્તવ્ય આપ્યું હતું. એમના આ ઉદ્બોધનથી કાર્યશાળા સંપન્ન થઈ હતી.

- વહીવટ વિભાગ

## સાઈબર ક્રાઈમ ડિટેક્શન એન્ડ પ્રિવેન્શન : વર્કશોપ :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને એન.એલ. નોલેજ રિસોર્ચનાં સહયોગથી ગુજરાત એ.ટી.એસ.ના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ માટે તા.21,22,23 જાન્યુઆરી 2009ના રોજ સાઈબર ક્રાઈમ ડિટેક્શન એન્ડ પ્રિવેન્શન વિષય પર ત્રિદિવસીય વર્કશોપ યોજાઈ ગયો.

વર્કશોપનું ઉદ્‌ઘાટન યુનિવર્સિટીના કુલપતિ પ્રો.અવધેશકુમાર સિંહે કર્યું હતું.

વર્કશોપમાં એ.ટી.એસ.ના આઈ.જી. શ્રી અજયકુમાર તોમર સહિત 30 જેટલાં પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

આ વર્કશોપમાં ઉપસ્થિત સૌ પ્રતિનિધિઓને પ્રશિક્ષણ આપવા માટે શિડુલીટી સોલ્યુશન એન્ડ ટેક્નોલોજીના એમ.ડી. શ્રી અનુપ ગીરધર ઉપસ્થિત રહીને સૌને માર્ગદર્શન આપ્યું હતું. આ વર્કશોપમાં વિવિધ વિષયો જેવાં કે, ઈ-મેઈલ ક્રાઈમ ડિરેક્શન, સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ ક્રાઈમ, ઓનલાઈન બેકીંગ ક્રાઈમ ડિટેક્શન, ફોરેન્સીક સાયન્સ, મોબાઈલ ક્રાઈમ ડિટેક્શનની માહિતી આપવામાં આવી હતી અને તેને રોકવા માટેની જાણકારી આપી હતી તેમજ સાઈબર ક્રાઈમ એન્ડ સિક્યોરિટી અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

શ્રી અનુપ ગીરધર દ્વારા દરેક વિષયને રસપ્રદ રીતે સમજાવ્યા હતા તેમજ તેનું પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા માહિતી આપી હતી. સાઈબર ક્રાઈમને લગતા કેસોના ઉદાહરણ આપ્યા હતા તેમજ તેના ઉકેલની દિશામાં આગળ વધવા માટેનું માર્ગદર્શન આપ્યું હતું. સાઈબર ક્રાઈમ સિક્યોરિટીમાં રહેલી કાનૂની ગુંચવણોથી પણ ઉપસ્થિત સૌ અધિકારીશ્રીઓને વાકેફ કર્યા હતાં.

વર્કશોપમાં ઉપસ્થિત સૌ પ્રતિનિધિઓએ આ વર્કશોપ ઉપયોગી નીવડશે તેમ જણાવ્યું હતું.

વર્કશોપના સમાપન સત્રમાં એ.ટી.એસ.ના આઈ.જી. શ્રી અજયકુમાર તોમરે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સલેર ડૉ. અવધેશકુમાર સિંહનો આ વર્કશોપ યોજવા બદલ આભાર માન્યો હતો અને ઉપસ્થિત સૌ પ્રતિનિધિઓને જણાવ્યુ હતુ કે, આ વર્કશોપ એ ખૂબ જ ટૂંકાગાળાનો હોવાથી માત્ર શરૂઆત છે જેનાથી પણ આપણને ઘણો લાભ થયો છે અને અહિંથી આપણું કામ શરૂ થાય છે.

વર્કશોપના સમારોહ સત્રમાં એ.ટી.એસ.ના આઈ.જી. શ્રી અજયકુમાર તોમર, યુનિવર્સિટીના માનવવિદ્યા સ્કુલના નિયામક પ્રો. રમણ સોની સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**- પ્રવિણકુમાર ખુમાણ**

## પ્રાસંગિક :

**પ્રજાસત્તાકદિનની ઉજવણી :**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તેમજ આર.સી.ટેકનીકલ ઈન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે આર.સી.ટેકનીકલના પટાંગણમાં 61માં પ્રજાસત્તાક દિનની ઉજવણી યુનિ.ના. કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવી.

રાષ્ટ્રપર્વના આ કાર્યક્રમમાં આર.સી.ટેકનીકલના પ્રિન્સીપાલશ્રી, બંને શૈક્ષણિક સંસ્થાના અધિકારીશ્રીઓ, વ્યાખ્યાતાઓ તેમજ તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કુલપતિશ્રીએ ઉદ્‌બોધન કરતાં કહ્યું હતું કે અત્યારની મોટી સમસ્યાઓ છે. આતંકવાદ અને વૈશ્વિક મંદી. આ બંને પ્રશ્નો સામે દરેક નાગરિકે પોતાની ફરજ સમજીને સુચારુ ઉકેલ લાવવા પ્રયત્નો કરવા જોઈએ.

આર.સી.ટેકનીકલના પ્રિન્સીપાલશ્રીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સર્વને શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ ઉપસ્થિત આર.સી.ટેકનીકલના કર્મચારી તથા નાનાં ભૂલકાંઓએ દેશ ભક્તિના ગીતો ગાયાં હતાં વિદ્યાર્થીઓની પરેડ બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

**ચેતના શાહ**

## પ્રવેશ વિભાગ

ઓગસ્ટ-2008ની પ્રવેશપ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ છે અને હવે ફેબ્રુઆરી-2009ની સર્ટીફિકેટ કોર્ષની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે. આ અંગેની જાહેરાત ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્યભાસ્કર, ફુલછાબ અને ગુજરાત મિત્ર નામના અખબારો દ્વારા ગુજરાતના વિવિધ વિસ્તારોમાં કરેલ છે.

સર્ટીફીકેટ કોર્ષનો પ્રવેશ તા.2-2-2009થી શરૂ થયેલ છે. પ્રવેશફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ 09-03-2009 છે. ફેબ્રુઆરી 2009થી પ્રવેશપ્રક્રિયામાં ફેરફાર કરેલ છે. આ શૈક્ષણિક સત્રથી પ્રવેશ માટે વિદ્યાર્થીએ પ્રવેશફોર્મ અને ઓળખપત્રમાં વિગત ભરી પોતાના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાના રહેશે. જેની અભ્યાસકેન્દ્ર ઉપર ચકાસણી થશે. આ અભ્યાસકેન્દ્રો ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ નક્કી કરેલ 23 જિલ્લાકેન્દ્રોને પ્રવેશફોર્મ ત્રણ તબક્કામાં સુપ્રત કરી શકે છે. તેની તારીખો નીચે મુજબ છે.

તા. (1) 16-2-2009
(2) 02-03-2009
(3) 14-03-2009

આ જિલ્લાકેન્દ્રો પોતાના જિલ્લાના અભ્યાસકેન્દ્રમાંથી આવેલા પ્રવેશફોર્મની આપેલ CDની વિગતે કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરી યુનિવર્સિટી કાર્યાલયે પણ ત્રણ તબક્કામાં જમા કરાવી શકે છે. તેની તારીખો નીચે મુજબ છે.

તા. (1) 21-02-2009

(2) 07-03-2009

(3) 19-03-2009

પ્રવેશની સમગ્ર પ્રક્રિયાને સરળ બનાવવા માટે તા.07-02-2009ના રોજ જિલ્લાકેન્દ્રના કોમ્પ્યુટર નિષ્ણાતોની એક મીટીંગ યુનિવર્સિટી ખાતે બોલાવેલી. તેમાં દરેક જિલ્લાકેન્દ્રના પ્રતિનિધિને કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરવા માટે C.D બનાવીને આપી. અને આ સમગ્ર પ્રક્રિયાની સમજૂતી યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના શ્રી ધવલભાઈ બેંકર, શ્રીમતી ગીતાબેન પરીખ, શ્રી મીતેશભાઈ પટેલ અને શ્રીમતી સુહાગબેન પટેલે આપેલી. જિલ્લાકેન્દ્રો પોતાને ત્યાં આવેલા પ્રવેશફોર્મની સંપૂર્ણ વિગતની C.D. બનાવી યુનિવર્સિટીના કાર્યાલયે મોકલશે.

આ પ્રવેશ પદ્ધતિથી પ્રવેશપ્રક્રિયા ઝડપી, સરળ અને ક્ષતિયુક્ત બનાવવા માટે અભ્યાસકેન્દ્ર અને જિલ્લાકેન્દ્રના સંચાલકોએ સહકાર આપવાની તત્પરતા દર્શાવી તે આવકારદાયક અને અભિનંદનીય છે. કેન્દ્રોએ સહકાર આપવાની ખાત્રી આપેલ બદલ ઈ.ચા. કુઈસચિવે તેઓનો આભાર માનેલ.

આ સંસ્થા માટે એક આનંદદાયક સમાચાર છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને ગુજરાત સરકારે CCC અને CCC+ In-service ની પરીક્ષા સંસ્થા તરીકે સમાવેશ કરેલ છે. તે મુજબ CCC અને CCC+ In-service ની થિયરીની પરીક્ષા તા.28-02-2009ના રોજ અને પ્રેક્ટીકલની પરીક્ષા તા.01-03-2009 તથા 03-03-2009ના રોજ યોજાયેલ છે. તે માટે અગાઉ જે વિદ્યાર્થીઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશફોર્મ ભરેલ છે. તેમણે પોતાના નોંધણી નંબર પ્રમાણે રૂા. 150/- પરીક્ષાફોર્મની સાથે જીલ્લાકેન્દ્ર પર જમા કરાવવાના રહેશે. ફોર્મ ભરવાની છેલ્લી તા.21-02-2009 રહેશે. જિલ્લા કેન્દ્રએ સ્વીકારેલા ફોર્મ તા.24-02-2009ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવાના રહેશે.

**ડૉ. દક્ષા ઠાકર**

## પાટણ પ્રાદેશિક કેન્દ્ર

યુનિવર્સિટીના પાટણ પ્રાદેશિક કેન્દ્ર ખાતે ઈન્ચાર્જ પ્રાદેશિક નિયામક તરીકે શ્રી એલ. એમ. રેવડીવાલાની નિમણૂંક તા. 19-2-2009થી કરેલ છે અને તેઓએ ચાર્જ સંભાળી કામગીરી શરૂ કરેલ છે. ઉત્તર ગુજરાત, સાબરકાંઠા, બનાસકાંઠા વિગેરે કેન્દ્ર સંયોજકશ્રીઓ/પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓની સંયુક્ત મીટીંગ મહેસાણા મુકામે યોજવામાં આવશે જેની જાણ સંબંધકર્તાને પત્ર પાઠવી જાણ કરવામાં આવશે.

**ઈ.ચા.કુલસચિવ**

## MSW વિભાગ

MSW અભ્યાસક્રમ વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસના ભાગરૂપે નિવાસી તાલીમ લેવાની હોય છે. આ વર્ષે આશરે 190 વિદ્યાર્થીઓ વિવિધ સંસ્થાઓમાં નિવાસી તાલીમ માટે ગયેલ હતા. જે નીચે મુજબ છે. તેમજ હાલમાં વિદ્યાર્થીઓ લઘુસંશોધન નિબંધનું કાર્ય કરી રહ્યા છે.

| | |
|---|---|
| અમદાવાદ | : સમર્થન ટ્રસ્ટ, ગુજરાત લોકહિત સેવા ટ્રસ્ટ, ભગવાન મહાવીર વિકલાંગ સ્વાસ્થ્ય સમિતિ, અંધકન્યા પ્રકાશગૃહ, કહિજા સેન્ટર ફોર સોશિયો કલ્ચરલ ડેવલોપમેન્ટ. |
| ગાંધીનગર | : બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર. |
| વડોદરા | : શ્રી ગુરૂકૃપા એજ્યુકેશન અને સર્વાંગી વિકાસ ટ્રસ્ટ, લક્ષ્ય ટ્રસ્ટ, બરોડા સિટીઝન કાઉન્સીલ કો.ઓ. હાઉસ. |
| સુરેન્દ્રનગર | : સુરેન્દ્રનગર જિલ્લા સર્વોદય વિકાસ મંડળ, શિવમંગલ ખાદીગ્રામ ઉદ્યોગ વિકાસ મંડળ. |
| કચ્છ | : શ્રી સ્વામી વિવેકાનંદ યુવક મંડળ. |
| આહવા-ડાંગ | : સંકલ્પ પોપ્યુલેશન ડેવલોપમેન્ટ ટ્રસ્ટ. |
| ખેડા | : નવજયોત ફાઉન્ડેશન, રંગભારતી વિદ્યાપીઠ, વી.એસ.ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ. |
| બનાસકાંઠા | : સર્વોદય કેન્દ્ર, નવસર્જન વિકાસ મંડળ. |
| સાબરકાંઠા | : એસીલ નવસર્જન રૂરલ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, મહાત્મા ગાંધી લોકસેવા સંઘ. |
| પંચમહાલ | : ઉત્તર વિભાગ બામરોલી વોટરશેડ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ, મહિલા સામખ્ય. |
| અમરેલી | : વિકાસ સમર્થન કેન્દ્ર. |
| વલસાડ | : વેડછી પ્રદેશ સેવા સમિતિ (વાલોડ) |
| પાટણ | : સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ, ભગીની સમાજ. |
| આણંદ | : ત્રિભુવનદાસ ફાઉન્ડેશન. |
| છોટા ઉદેપુર | : સમર્પણ રૂરલ ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન. |
| જામનગર | : ટાટા કેમીકલ્સ સોસાયટી ફોર રૂરલ ડેવલોપમેન્ટ, ચૈતન્ય ટ્રસ્ટ, સ્વ. જે.બી. નારીયા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ. |
| મહેસાણા | : મહેસાણા જિલ્લા ઉ. અને વિ. સહકારી લિમિટેડ. |
| જુનાગઢ | : સૌરાષ્ટ્ર દલિત સંગઠન |

ઉપરોક્ત તમામ સંસ્થાઓનો આભાર માનવામાં આવે છે.

**દક્ષા ઠાકર**

# અભ્યાસક્રમ કેન્દ્ર તથા ટેલિફોન ફાળવેલીની યાદી

| ક્રમ | નામ/વિભાગનું નામ | અભ્યાસક્રમનુંનામ | લેક્ચરર | જીલ્લાનું નામ | મોબાઈલ નં. |
|---|---|---|---|---|---|
| 1 | શ્રીમતી આર.વી.પવાર મૂલ્યાંકન/પરીક્ષા વિભાગ | FGP, EPS, મૂલ્યાકનને લગતું તમામ કાર્ય | રાજ્ય શાસ્ત્ર | ગાંધીનગર સાબરકાંઠા | 9375367011 |
| 2 | શ્રીમતી કુસુમબેન બી. શર્મા, સ્વાધ્યાય કાર્ય | FHD, EHD, EST, MHD, DCH, CCP, આંગણવાડી, રેક્ટર | હિન્દી | આણંદ | 9375367009 |
| 3 | શ્રી દિલીપભાઈ એમ. કાતરિયા, પરીક્ષા વિભાગ | EHI, CCC-BAOU, BCA તમામ અભ્યાસક્રમના પ્રશ્નપત્રોને લગતું તમામ કાર્ય | ઈતિહાસ | ભૂજ | 9375367010 |
| 4 | કુ.હેતલબેન બી. પંડયા, પરીક્ષા વિભાગ | EEC,CIC, CPCS, PGDDE, PGDRD, સર્ટિફિકેટ કોર્ષ માર્ક ચકિંગ, Stetement of Marks, Provisional Certificate વગેરે તમામ કામગીરી | અર્થશાસ્ત્ર | અમદવાદ | 9375367012 |
| 5 | શ્રીમતી જયશ્રીબેન ગુર્જર પરીક્ષા વિભાગ | BPP મૂલ્યાંકનને લગતું તમામ કાર્ય, ડિપ્લોમાં કોર્ષ માર્ક ચેકિંગ, રીચેકિંગ Stetement of Marks, Provisional Certificate વગેરે કામગીરી | એજ્યુકેશન | — | 9375367013 |
| 6 | કુ.મિનાક્ષીબેન ચૌહાણ, પરીક્ષા વિભાગ | CTM, CMT, B.ed; Green Sheet Checking B.A., CEC, CCHC, CCAC | એજ્યુકેશન | ભરૂચ | 9375367015 |
| 7 | ડૉ.ધવલભાઈ પંડયા Vocational & Professional Course | ECO, DPCA, DMCH, DVHW, MVPM, MVRE DFM, DACA, DAA, DIN, DOR, DVATG,DBCL, DIAU, DDT, M.com; DIT | કોમર્સ/ મેનેજમેન્ટ | દાહોદ બનાસકાંઠા પંચમહાલ | 9375367016 |
| 8 | ડૉ.મીનાબેન રાજપૂત, SC / STCELL Dep. | SCIST Cell B.ed. Sp. B.ed. Exam. Green Sheet checking B.A | એજ્યુકેશન | અમદાવાદ | 9375367024 |
| 9 | શ્રી હરિદિપસિંહ ગોહીલ પ્રવેશ વિભાગ | EEG, CTE, MEG, DCE, Green Sheet Checking B.COm | અંગ્રેજી | જામનગર, પોરબંદર સુરેન્દ્રનગર | 9375367018 |
| 10 | કુ.સુરભીબેન એ.ભપલ, DELL, KMPF Dep. | FEG CFN, CCCD, CES, CPFM, CCSE1, CTBA, CCBP, CCSE 2, PGDCA | અંગ્રેજી | રાજકોટ | 9375367019 |
| 11 | ડૉ.સુમનબેન ત્રિપાઠી પરીક્ષા વિભાગ | BDPને લગતું માર્ક ચેકીંગ રીચેકીંગ Statement of Marks, Provisional Certificate Migration Certificate વગેરે તમામ કામગીરી | એજ્યુકેશન | | 9375361020 |
| 12 | શ્રી ભરતજી ઠાકોર, પરીક્ષા વિભાગ | FGT. પરિણામને લગતું તમામ અભ્યાસક્રમ | ગુજરાતી | મહેસાણા પાટણ | 9375367021 |
| 13 | શ્રી હરદ્વાર ગોસ્વામી અભ્યાસકેન્દ્ર સંચાલન | FST, FHS, FGT, CYS, CIN. MGT | ગુજરાતી | અમરેલી જૂનાગઢ, ભાવનગર | 9375367022 |
| 14 | શ્રી નવીનતભાઈ ગાયકવાડ MSo, MSW, Dep. | ESO, CHR, CEA, CAI.T, | સમાજશાસ્ત્ર | ડાંગ-આહવા વડોદરા, સુરત, નવસારી, નર્મદા, વલસાડ | 9375367023 |
| 15 | કુ. પારૂલબેન દવે, Ph.D. B.ed. | EPA, Phd; Sp..B.ed: MADE, M.ed. CFCP 1 & 2 | એજ્યુકેશન | અમદાવાદ | 9375367024 |
| 16 | શ્રીમતી દક્ષાબેન ઠાકર, | MSO, MSW, પ્રવેશ વિભાગ CRW | રીડર | | 9375367005 |
| 17 | શ્રીમતી ચેતનાબેન શાહ લાયબ્રેરી વિભાગ | BLIS, PGJMC | લાયબ્રેરીયન | | 9375367025 |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

આર.સી.ટેક્નિકલ ઇન્સ્ટિટ્યુટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે,
સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-380 060
**Toll Free No. : 1800 233 1020**
**E-mail : feedback@baou.org Website : www.baou.org**

## પ્રવેશ જાહેરાત

**ફેબ્રુઆરી - 2009 થી શરૂ થતા સત્રમાં નીચે જણાવેલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જાહેરાત**

સ્નાતક પદવી માટેનો પ્રારંભિક અભ્યાસક્રમ (BPP)
- સર્ટિફિકેટ ઈન ફૂડ ઍન્ડ ન્યુટ્રીશન (CFN)
- સર્ટિફિકેટ ઈન કમ્પ્યુટિંગ (CIC)
- સર્ટિફિકેટ ઈન ટૂરિઝમ માર્કેટિંગ (CTM)
- સર્ટિફિકેટ ઈન ટૂરિઝમ મૅનેજમેન્ટ (CMT)
- સર્ટિફિકેટ ઈન ચાઈલ્ડ કેર ઍન્ડ ડેવલપમેન્ટ (CCCD)
- સર્ટિફિકેટ ઈન પર્સનલ કમ્પ્યુટર સોફ્ટવેર (CPCS)
- સર્ટિફિકેટ ઈન ટીચિંગ ઑફ ઇંગ્લિશ (CTE)
- સર્ટિફિકેટ ઈન એન્વાયરમેન્ટ સ્ટડીઝ (CES)
- સર્ટિફિકેટ ઈન પાર્ટીસીપેટરી ફોરેસ્ટ મેનેજમેન્ટ (CPFM)
- સર્ટિફિકેટ ઈન કોમ્યુનિકેશન સ્કીલ્સ ઈન ઇંગ્લિશ : લેવલ -I (CCSE1)
- સર્ટિફિકેટ ઈન કમ્પ્યુટર કન્સેપ્ટ-બીએઓયુ (CCC-BAOU)
- સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ (CTBA)
- સર્ટિફિકેટ ઈન પેરન્ટહુડ (CCBP)
- સર્ટિફિકેટ ઈન યોગવિજ્ઞાન (CYS)
- સર્ટિફિકેટ ઈન નેચરોપેથી (CIN)
- સર્ટિફિકેટ ઈન હ્યુમન રાઈટસ (CHR)
- સર્ટિફિકેટ ઈન એન્વાયરમેન્ટ અવેરનેશ (CEA)
- સર્ટિફિકેટ ઈન ડૉ. બાબાસાહેબ આંબેડકર લાઈફ ઍન્ડ થોટ્સ (CALT)
- સર્ટિફિકેટ ફોર ફિઝિયોથેરાપી ફોર ધી બ્લાઈન્ડ-1 (CPB-1)
- સર્ટિફિકેટ ફોર ફિઝિયોથેરાપી ફોર ધી બ્લાઈન્ડ-2 (CPB-2)
- સર્ટિફિકેટ ઈન આંગણવાડી કાર્યકર્તા (CCAW)

**નોંધ :** CTE અને CCSE અભ્યાસક્રમનું માધ્યમ અંગ્રેજી છે.

**નોંધ :** બીપીપી અભ્યાસક્રમ પાસ કર્યાથી આ યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષ બી.એ./બી.કોમમાં પ્રવેશ મેળવી શકાશે. અનુસૂચિત જાતિ-જનજાતિના વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોએ જે તે અભ્યાસક્રમની પૂરેપૂરી ફી ભરવાની રહેશે તથા માહિતી-માર્ગદર્શન પુસ્તિકામાં દર્શાવેલ સુચનાઓ મુજબ જે તે અભ્યાસક્રમની પ્રોગ્રામ ફી માફી રહેશે. • પ્રવેશ નિયત કરેલ અભ્યાસકેન્દ્ર પર તા.02-02-2009થી થશે. તે અંગેની વધુ વિગત યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.org. પર તા.02-02-2009થી જોવા મળશે.

**સુચનાઓ :** "માહિતી-માર્ગદર્શન પુસ્તિકા અને પ્રવેશ પત્રક"ની કિંમત રૂા.70/- છે. • **તા.02-02-2009થી** માહિતી-માર્ગદર્શન પુસ્તિકા અને પ્રવેશ પત્રક યુનિવર્સિટી કાર્યાલયે તથા નીચે દર્શાવેલ તમામ કેન્દ્રો પરથી મળી શકશે. પ્રવેશ અરજીઓ સ્વીકારવાની છેલ્લી **તારીખ 09-03-2009** છે. • પ્રવેશપત્રકની ઝેરોક્ષ નકલ તથા જૂના ફોર્મ અમાન્ય ગણાશે. • માહિતી માર્ગદર્શન પુસ્તિકામાં જણાવ્યા મુજબ જે કેન્દ્ર ઉપર જે અભ્યાસક્રમ ચાલતો હશે તે જ કેન્દ્ર પસંદ કરવાનું રહેશે. • પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ જે તે અભ્યાસક્રમની ફીનો ડિમાન્ડ ડ્રાફ્ટ "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ"ની તરફેણનો અને શક્ય હોય ત્યાં સુધી નેશનલાઈઝડ બેંકનો મોકલવાનો રહેશે. વિદ્યાર્થીએ પસંદ કરેલ કેન્દ્ર પર ચકાસણી કરાવી પ્રવેશ ફોર્મ જે તે કેન્દ્ર પર જમા કરાવવાનું રહેશે. • CTBA, CCBP અભ્યાસક્રમના વિદ્યાર્થીએ ભરેલા અરજીપત્રક ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે મોકલવાનો રહેશે.

- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ગુજરાત રાજ્ય સરકાર દ્વારા 1994થી સ્થાપિત યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટી ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સીલ (DEC), એસોશીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીસ (AIU) તથા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) દ્વારા માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી છે.
- અન્ય અભ્યાસક્રમોની સાથે આ યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં પણ જોડાઈ શકાય છે.
- ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ:102005:1532. પાર્ટ - 1.ક તા.02-01-2009 થી કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+Inservice પરીક્ષા સંસ્થા તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો સમાવેશ કરી માન્યતા આપવામાં આવેલ છે. વિસ્તૃત જાહેરાત ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

CCC અને CCC+ Inservice ની પરીક્ષા માટે આ યુનિવર્સિટીને પરીક્ષા સંસ્થા તરીકે માન્યતા મળતાં પરીક્ષાનું આયોજન કરેલ તે અંગેની જાહેરખબર તા. 18-02-2009ના ગુજરાત સમાચારમાં પ્રસિદ્ધ થયેલ હતી.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
આર.સી.ટેક્નીકલ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે,
સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-380 060

## CCC અને CCC+ Inserviceની પરીક્ષા માટેની જાહેરાત

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને સામાન્ય વહિવટ વિભાગ ઠરાવ ક્રમાંકઃપરચ-102005-1532-પાર્ટ-1-ક, તા.02-01-2009 સચિવાલય, ગાંધીનગર મુજબ પરીક્ષા સંસ્થા તરીકે સમાવેશ કરેલ છે. તે મુજબ

CCC અને CCC+ Inservice ની થિયરીની પરીક્ષા તા.28-02-2009ના રોજ દર્શાવેલ કેન્દ્ર પર તથા પ્રેક્ટિકલની પરીક્ષા તા.01-03-2009થી તે જ કેન્દ્રો પર ચાલુ થશે. તમામ વિદ્યાર્થીઓએ પોતાના નોંધણી નંબર પ્રમાણે રૂા.150/- પરીક્ષા ફોર્મ જીલ્લા કેન્દ્ર પર જમા કરાવવાના રહેશે. ફોર્મ ભરવાની છેલ્લી તા.21-02-2009 રહેશે.

જીલ્લા કેન્દ્રોએ સ્વીકારેલાં ફોર્મ તા.24-02-2009ના રોજ યુનિવર્સિટીના કાર્યાલયે જમા કરાવવા કેન્દ્ર સંયોજકશ્રીઓને વિનંતી છે.

જે વિદ્યાર્થીઓએ પ્રવેશ અગાઉ લીધેલ છે. તેજ આ પરીક્ષા આપી શકશે. તેઓના નોંધણી નંબર, કેન્દ્ર તથા જિલ્લા કેન્દ્ર પર મોકલવામાં આવેલ છે. તથા પરીક્ષા ફોર્મ જીલ્લા કેન્દ્ર પર પહોંચાડવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લા | જીલ્લા કોડ અને કેન્દ્રનું નામ |
|---|---|---|
| 1 | અમદાવાદ | 0101, એલ.ડી.આર્ટ્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ. |
| 2. | અમદાવાદ | 0108,એસ. વી. પટેલ વાણિજ્ય મહાવિદ્યાલય રીલીફ રોડ, અમદાવાદ. |
| 3. | અમરેલી | 0201, કામાણી સાયન્સ કૉલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ વિદ્યાવિહાર જી. અમરેલી. |
| 4. | ભૂજ | 0301, જે. બી. ઠક્કર કોલેજ ઓફ કોમર્સ, ભૂજ, જી. કચ્છ. |
| 5. | કચ્છ | 0302, તોલાણી કોમર્સ કૉલેજ, આદીપુર, જી. કચ્છ. |
| 6. | આણંદ | 0401, નલિની અરવિંદ એન્ડ ટી.વી. આર્ટ્સ કૉલેજ, વલ્લભવિદ્યાનગર, જી. આણંદ. |
| 7. | ખેડા | 0418, ખેડા આર્ટ્સ કૉલેજ, ખેડા, જી. ખેડા. |
| 8. | ગાંધીનગર | 0501, ગર્વમેન્ટ્સ આર્ટ્સ કૉલેજ, સેક્ટર-15, ગાંધીનગર. |
| 9. | ગાંધીનગર | 0514, અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, સર્વવિદ્યાલય (કડી) કેમ્પસ, સેક્ટર 23, ઘ-6 પાસે, ગાંધીનગર. |
| 10. | જામનગર | 0601, શ્રી એમ.પી. શાહ કોમર્સ કૉલેજ, સાત રસ્તા, જામનગર. |
| 11. | જૂનાગઢ | 0715, શ્રી સરદાર પટેલ, એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જોષીપુરા, જૂનાગઢ. |
| 12. | દાહોદ | 0901, નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, દાહોદ. |
| 13. | બનાસકાંઠા | 1002, આર.આર.મહેતા કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કૉલેજ ઑફ કોમર્સ, પાલનપુર, જી.બનાસકાંઠા |
| 14. | ભરૂચ | 1101, ભરૂચ અન્જુમન-એ-તાલીમી-ઈદારા કોર્ટ રોડ, ટ્રેઝરી સામે, ભરૂચ. |
| 15. | ભાવનગર | 1201, શિક્ષણસાસ્ત્ર ભવન, નવ કેમ્પસ, ભાવનગર યુનિવર્સિટીની બાજુમાં, ભાવનગર. |
| 16. | મહેસાણા | 1301, મહેસાણા મ્યુ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જી. મહેસાણા. |
| 17. | મહેસાણા | 1310, મહેસાણા શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, વિદ્યાસંકુલ, અરવિંદ બાગ પાસે, મહેસાણા જી. મહેસાણા. |
| 18. | રાજકોટ | 1401, ડિપામેન્ટ ઑફ ઈંગ્લિશ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| 19. | વડોદરા | 1501, શ્રીમતી એસ. જી. પટેલ કોમર્સ એન્ડ આર્ટ્સ કોલેજ ધ ગર્લ્સ, નિઝામપુરા, વડોદરા. |
| 20. | ગોધરા | 1601, શ્રી સાર્વજનિક કોમર્સ કૉલેજ, ગોધરા. |
| 21. | સાબરકાંઠા | 1709, એસ.એસ.મહેતા આર્ટ્સ એન્ડ એમ.એમ.પટેલ કોમર્સ કૉલેજ, હિંમતનગર, જી. સાબરકાંઠા. |
| 22. | સુરત | 1801, સર કે.પી. કૉલેજ ઑફ કોમર્સ, અઠવા લાઈન્સ, સુરત. |
| 23. | પોરબંદર | 1902, શ્રી કે.એચ. માધવાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, પોરબંદર. |
| 24. | સુરેન્દ્રનગર | 2001, શ્રી આર.પી.પી.ગર્લ્સ હાઈસ્કૂલ, સી.જે. હોસ્પિટલની સામે, સુરેન્દ્રનગર-02 |
| 25. | નવસારી | 2201, શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રી ઈ. ઈ. લહેર કોસાડીયા કોમર્સ કૉલેજ, ચીખલી. |
| 26. | રાજપીપળા | 2301, એમ.આર.આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા. |
| 27. | પાટણ | 2401, શ્રી ચીમનલાલ કીલાચંદ ઝવેરી ડિસ્ટન્સ એન્ડ કોમ્યુનિટી સેન્ટર, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, પાટણ. |
| 28. | વલસાડ | 2501, વનરાજ આર્ટ્સ કોમર્સ કૉલેજ, ધરમપુર. |

તા.19-02-2009
સ્થળ : અમદાવાદ

ઈ/ચા. કુલસચિવ

## વહીવટ વિભાગ :

1. ખરીદ સમિતિની બેઠક તા.30-12-2008ના રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ હતી.
2. નાણાં સમિતિની 35મી બેઠક તા.03-01-2009ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી.
3. તા. 06-01-2009ના રોજ મા. કુલપતિશ્રી તથા ઈ.ચા. કુલસચિવશ્રીએ DEC Grant સંદર્ભે DEC/IGNOUની નવી દિલ્હી ખાતે મુલાકાત લીધેલ.
4. એકેડેમિક પ્લાનિંગ બોર્ડની 35મી બેઠક તા.17-1-2009ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ હતી.
5. બોર્ડ ઑફ મેનેજમેન્ટની 43મી બેઠક અને YCMOU ના શૈક્ષણિક સ્ટાફ સાથે સંયુક્ત બેઠક સાપુતારા ખાતે તા.24-01-2009ના રોજ મળેલ હતી.
6. દેશની તમામ State Open University નાં કુલપતિશ્રીઓ IGNOU તથા DEC ના પદાધિકારીઓની કોન્ફરન્સ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે "Preparing Manual of Peer Team and Guidelines" માટે તા.14-02-2009 તથા તા.15-02-2009ના રોજ યોજવામાં આવેલ હતી.

**ઈ/ચા. કુલસચિવ**



**બોર્ડ ઑફ મેનેજમેન્ટની મિટિંગ સાપુતારા ખાતે યોજવામાં આવેલી જેમાં યુનિવર્સિટીનાં બોર્ડ ઑફ મેનેજમેન્ટનાં સભ્યશ્રીઓ, શ્રી પરાગભાઈ નાયક, ડૉ. શ્રદ્ધાબેન રાય, શ્રી લાલભાઈ, ડૉ. ધરમભાઈ, ડૉ. શુક્લ સાહેબ, યુનિવર્સિટીના કુલપતિશ્રી અવધેશકુમાર સિંહ, ઈચા. રજીસ્ટ્રારશ્રી સુરેન્દ્ર શાહ અને YCMOUનાં અધિકારી ગણ ઉપસ્થિત રહ્યા હતા.**

## રેડિયો પ્રોગ્રામ

આંબેડકર યુનિવર્સિટી દ્વારા દર મહિનાના ત્રીજા રવિવારે સવારે 9 થી 10 દરમિયાન જીવંત ફોન ઈન કાર્યક્રમ જ્ઞાનવાણી રેડિયો (105.4 fm) પરથી પ્રસારિત થાય છે. તે અનુસંધાને યોજાયેલા કાર્યક્રમો નીચે મુજબ છે.

તા.21-12-08ના રોજ એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇંગ્લિશ ટીચિંગ & રિસર્ચના ડિરેક્ટર પ્રો.રાજેન્દ્રસિંહ જાડેજાએ 'કમ્યુનિકેશન સ્કીલ્સ ઈન ઈંગ્લીશ' પર માર્ગદર્શન આપ્યું હતું. બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછીને લાગ લીધો હતો. સંચાલન અર્પિતા પંડ્યાએ કર્યું હતું.

તા.18-01-09ના રોજ બી.એ. ગુજરાતીના વિદ્યાર્થી માટે 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય' (નરસિંહ પછી)ના સંદર્ભે ડિરેક્ટર એકેડમિક સ્ટાફ (ગુજરાત યુનિવર્સિટી) અને વિવેચક પ્રો. પ્રસાદ બ્રહ્મભટ્ટે માર્ગદર્શન આપ્યું હતું. એમણે સાહિત્ય વિશે રસપ્રદ વાત કરી હતી. વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછી એમની જિજ્ઞાસા સંતોષી હતી. કાર્યક્રમનું સંચાલન વ્યા. હરદ્વાર ગોસ્વામી એ કર્યું હતું.

ઇંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની શૈક્ષણિક રેડિયો ચેનલ જ્ઞાનવાણીના અમદાવાદ કેન્દ્રના સ્ટેશન મેનેજર શ્રી હરીશ કકવાણી અને આસિસ્ટન્ટ સ્ટેશન મેનેજર શ્રીમતી નેહા ભટ્ટનો પ્રસારણમાં સહયોગ મળ્યો હતો.

## સેટેલાઈટ કાર્યક્રમ

દૂરવર્તી શિક્ષણ પદ્ધતિમાં સેટેલાઈટ દ્વારા શિક્ષણ ખૂબ અગત્યનું માધ્યમ છે. છેક છેવાડેના ગામમાં પણ આ રીતે પહોંચી શકાય છે.

તા.26-12-08ના રોજ વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારીના નિવેદિતાદીદીએ 'ઈનોવેટિવ પ્રેક્ટીસિઝ ઈન એજ્યુકેશન' પર મનનીય વક્તવ્ય આપ્યું હતું.

તા.19-01-09ના રોજ યુ.એસ.એ. ના ડૉ. પ્રવિણ કામદારએ બૌદ્ધ ફિલસૂફી 'બુદ્ધિઝમ' પર અસરકારક વક્તવ્ય આપ્યું હતું.

તા.22-01-09ના દિલ્હીના શ્રી અનિલ ગિરધરે 'સાઈબર ક્રાઈમ' વિશે ઉપયોગી માહિતી આપી હતી. અત્યાધુનિક ટેકનોલોજીનાં ભયસ્થાન પણ એમણે જણાવ્યાં હતાં.

સેટેલાઈટ કાર્યક્રમોનું સંકલન વ્યા. સુરભિ ભપલ અને વ્યા. હરદ્વાર ગોસ્વામી એ કર્યું હતું.

**હરદ્વાર ગોસ્વામી**

## પરામર્શન વિભાગ

યુનિવર્સિટીના તમામ અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામકેન્દ્ર ઉપર વિદ્યાર્થીને જે તે વિષયના નિષ્ણાંત દ્વારા યોગ્ય માર્ગદર્શન મળી રહે માટે યુનિવર્સિટી દ્વારા પરામર્શકોની નિમણૂંક કરવામાં આવે છે.

પરામર્શકો તરીકે નિમણૂંક મેળવવા માટેની કેટલીક અગત્યની સુચના **(કેન્દ્ર માટે)**

- યુનિવર્સિટીના પરામર્શક માટેના નિર્ધારિત ફોમમાં માહિતી મોકલવી.
- જે પાઠ્યક્રમ/અભ્યાસક્રમમાં પરામર્શક તરીકે નિમણુંક મેળવવા માગતા હોય તે પાઠ્યક્રમ/અભ્યાસક્રમ માટે યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણેની લાયકાત ધરાવતા હોવા જોઈએ તથા શૈક્ષણિક લાયકાતના આધાર/પૂરવાની પ્રમાણિત નકલો સાથે જરૂરી બીડવી.
- અધૂરી માહિતી વાળા ફોર્મ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**- મીનાક્ષી ચૌહાણ**

## અભ્યાસ કેન્દ્ર સંચાલન

કેન્દ્ર સંચાલન દ્વારા ગુજરાતના વિવિધ કેન્દ્રોના પડતર પ્રશ્નોના કેમ્પમાં આવેલ મોટા ભાગના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવ્યો હતો.

ઑગષ્ટ '08 થી ડિસેમ્બર '08 સુધીનું પાચ મહિનાનું માનદ વેતન તા.24-12-08ના રોજ ચૂકવવામાં આવ્યું હતું.

બોર્ડર પરના તથા આદિવાસી વિસ્તાર માટે નવા કેન્દ્રોની જાહેરાત આપવામાં આવી હતી. જે અનુસંધાને સાપુતારા મુકામે મિટીંગ યોજાઈ હતી. તે અંગે ખૂબ સારો પ્રતિભાવ મળ્યો હતો. આ અંગેની આગળ ઉપર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## આદિવાસી, સરહદી તેમજ દરિયાકાંઠા વિસ્તારનાં થનાર કેન્દ્રો અંગે અહેવાલ :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજીત તા.24-01-09નાં રોજ સાપુતારા ખાતે દક્ષિણ ગુજરાતનાં આદિવાસી સરહદી તેમજ દરિયાકાંઠા વિસ્તારનાં થનાર કેન્દ્ર અંગે યુનિવર્સિટીનાં સેન્ટરનાં પ્રોગ્રામ સંયોજકો, N.G.O., સંસ્થાઓ, ટ્રસ્ટ, બિનસરકારી સંસ્થાઓને આમંત્રિત કરવામાં આવેલ હતા. આ મિટીંગનાં પ્રમુખ સ્થાને યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહ, ઈ/ચા રજીસ્ટ્રારશ્રી સુરેન્દ્રભાઈ શાહ તેમજ બોર્ડ ઑફ મેનેજમેન્ટનાં સભ્યશ્રીઓ પરાગભાઈ નાયક, ડૉ.શ્રદ્ધાબેન રાય, લાલભાઈ પટેલ, શુક્લાસાહેબ આમંત્રિત સંસ્થાઓના પ્રતિનિધિઓ અને શૈક્ષણિક કર્મચારીગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

મિટીંગનાં પ્રાસંગિક ઉદ્બોધન પ્રવચનમાં યુનિવર્સિટીનાં બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં સભ્યોને શુભેચ્છા આપ્યા બાદ માનનીય કુલપતિશ્રીએ મિટીંગનું પ્રાસંગિક પ્રવચન આપતા દૂરવર્તી શિક્ષણની કાર્યપ્રવૃત્તિ વિશે સમજૂતી આપી હતી. ત્યારબાદ સભાની શરૂઆતમાં જુદાં-જુદાં વિસ્તારમાંથી આવેલ N.G.O. નો ટૂંકમાં પરિચય અને તેમની મુખ્ય કાર્યપ્રવૃત્તિની માહિતી મેળવી હતી. કુલપતિશ્રીની આગવી વિચારધારા મુજબ આદિવાસી સરહદી તેમજ દરિયાકાંઠાનાં વિસ્તારોમાં શિક્ષણનું સ્તર અતિ નિમ્ન છે. જેને ઊંચુ લાવવા માટે N.G.O. શું યોગદાન આપી શકે ? એવો પ્રશ્નાર્થ કર્યો હતો, અને વધુમાં સ્પષ્ટપણે ઉલ્લેખનીય કારણ બતાયુ હતું કે અતિ છેવાડાનાં ગામો સુધી પહોંચીને પોતાનું કાર્ય કરી શકે એવું કોઈ માધ્યમ હોય તો તે છે N.G.O. એ વિચારધારાને પ્રોત્સાહન આપીને 30 જેટલી N.G.O.ને મિટીંગમાં બોલાવવામાં આવ્યા હતા. દરેક N.G.O. નાં પ્રતિનિધિઓનું કીટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ મુખ્ય મુદ્દો B.P.P. અંગે ચર્ચા વિચારણા કરતા એ જણાવવામાં આવ્યું હતું કે ગામડાનો કોઈપણ વિદ્યાર્થી કોઈ કારણથી અભ્યાસના કરી શક્યો ન હોય પણ તે વર્તમાનમાં અભ્યાસ કરવા ઈચ્છતો હોય તો માત્ર એક શરતે વિદ્યાર્થી લખી-વાંચી શકે અને 18 વર્ષનો હોય એવા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીમાં B.P.P. અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેના માધ્યમથી વિદ્યાર્થીઓ બી.એ./ બી.કોમ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે અને ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ થઈ શકે.

અંતે યુનિવર્સિટીનો મુખ્ય હેતુ જે અતિ અંતરિયાળ વિસ્તારમાં શિક્ષણનું સ્તર ઊંચુ આવે અને ઘર બેઠા અભ્યાસ કરી શકે એ અનુસંધાને અમો સંદેશો લઈને આવેલ છે. જો ઉપરોક્ત કાર્યપ્રવૃત્તિમાં જે N.G.O. સક્રિય હોય તેવી N.G.O. ને યુનિવર્સિટી, યુનિવર્સિટીનાં અભ્યાસ કેન્દ્રો બનાવવા ઈચ્છે છે.

આમંત્રિત N.G.O. માંથી ડાંગ જિલ્લાની ત્રણ એવી સંસ્થાઓ હતી કે જે વાંસ કામ કરે છે, એવી જાણ થતા તા.2-2-09નાં રોજ યુનિવર્સિટીમાં કુલપતિશ્રીની ઓફિસમાં મિટીંગ માટે બોલાવવામાં આવી હતી. આ મિટીંગમાં વાંસમાંથી વિવિધભાતની બનતી વસ્તુઓની રૂપરેખા જાણી અને તૈયાર કરી યોગ્ય વિસ્તારમાં વાંસમાંથી બનતી વસ્તુઓ અંગે ટ્રેનિંગ આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

**- નવનીત ગાયકવાડ**

## SC/ST Cell વિભાગ :

SC/ST Cell દ્વારા ઓગસ્ટ-2008નાં શિષ્યવૃત્તિ ફોર્મ સેન્ટર પર મોકલી આપવામાં આવેલ છે. 2006 થી 2008 સુધી શિષ્યવૃત્તિ સમાજ કલ્યાણ દ્વારા મંજૂર થઈ આવેલ છે. 1797 વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર થઈ ગયેલ છે તેમાંથી 84 વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપી દીધેલ છે 992 વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની વહેંચણીની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે ના મંજૂર થયેલ શિષ્યવૃતિ કારણ સાથે વિદ્યાર્થીને પત્ર દ્વારા જાણ કરવામાં આવેલ છે. M.S.W. નાં 35 વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ વિદ્યાર્થી દીઠ રૂા.17300/- મંજૂર થયેલ છે જે સમાજ કલ્યાણમાંથી ચેક આવેથી વહેંચણી માટેની પ્રક્રિયા ચાલુ કરવામાં આવશે.

**વિદ્યાર્થીઓ અને કેન્દ્ર સંચાલકો માટે ખાસ સૂચનો :**

(1) વિદ્યાર્થીઓએ જે - તે સત્રનાં ફોર્મ કેન્દ્ર પરથી મેળવી પૂર્ણ વિગતો ભરી કેન્દ્ર પર જ જમા કરાવવાના રહેશે.

(2) જૂન અને ઓગષ્ટ 2008ના ફોર્મ ક્ષતિ પૂર્તતા માટે મોકલાવેલા તેની છેલ્લી તા.20-01-2009 આપવામાં આવેલ હવે પછી જૂના ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ જે સમાજકલ્યાણ દ્વારા સમય મર્યાદા પૂર્ણ થતા સ્વીકારવામાં આવતા નથી માટે યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીએ રૂબરૂ કે પોસ્ટ દ્વારા ફોર્મ મોકલવા નહિ

(3) સત્ર 2007 અને 2008ની કામગીરી પૂર્ણ થયેલ છે.

(4) વિદ્યાર્થીઓએ ફોર્મ સાથે જોડેલ ચેક લિસ્ટ અને ફોર્મમાં

આપેલ વિગતો બરાબર વાંચ્યા પછી જ ફોર્મ પૂર્ણ વિગતો સાથે કેન્દ્ર પર ચેક કરાવ્યા બાદ જ જમા કરાવવું ફોર્મ વિશેની જાણકારી માટે ફોન નંબર 9375367024 પર શ્રી મીનાબેન રાજપૂતનો સંપર્ક કરવો.

**NAAC (નેક) :**

**Gujarat State Quality Assurance Cell**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. GSQACના નોડલ સેલ તરીકે ફરજ બજાવે છે 31 ડિસેમ્બર 2008 સુધી જે યુનિ. સંલગ્ન કૉલેજોનું NAAC Accreditation થયેલ હોય તેનો સ્ટેટસ રીપોર્ટ માટે દરેક યુનિ. ને પત્ર દ્વારા જાણ કરવામાં આવેલ છે. જેઓએ નિયત નમૂના પ્રમાણે માહિતી મોકલવાની છે.

## ડિઝિટલ ઈંગ્લિશ લેંગ્વેજ લેબ પ્રોજેક્ટ :

ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ મેળવી શકે તે ઉદ્દેશથી તથા રાજ્ય સરકાર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને રૂા. 5,54,00,000/- અનુદાન આપવામાં આવતા સ્પેશયલ પ્રોજેક્ટ અંતર્ગત શરૂ થયેલ ડિઝિટલ ઈંગ્લિશ લેંગ્વેજ લેબ પ્રોજેક્ટમાં ગત વર્ષે રાજ્યની 54 કૉલેજમાં લેંગ્વેજબેલ શરૂ કરવામાં આવી. આ કૉલેજોમાં લેંગ્વેજલેબ અભ્યાસક્રમમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ અત્રેની યુનિવર્સિટીથી મોકલવામાં આવેલ છે.

આ શૈક્ષણિક સત્રમાં પ્રોજેક્ટ અંતર્ગત જામનગર, પોરબંદર, રાજકોટ જિલ્લાના કો-ઓર્ડિનેટરની ટ્રેનિંગનું સફળતાપૂર્વક આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવન ખાતે ડૉ. કમલ મહેતા તથા ડૉ.આર.બી.ઝાલાના માર્ગદર્શન હેઠળ 03 થી 06 જાન્યુઆરીના રોજ થયેલ.

આ પ્રોજેક્ટ સંબંધી વધુ માહિતી માટે પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર કુ. સુરભી એ. ભપલ (વ્યાખ્યાતા-અંગ્રેજી) ફોન નંબર 9375367019 પર સંપર્ક કરવો.

- સુરભી ભપલ

## નોલેજ મેનેજમેન્ટ પ્રોગ્રામ ફોર ફેકલ્ટીઝ :

ગુજરાત રાજ્યની ઉચ્ચ શિક્ષણ આપની સંસ્થાઓના ઉચ્ચ શિક્ષણની ગુણવતા સુધારવા તથા અધ્યાપકોને અંગ્રેજી તથા કોમ્પ્યુટરનું જ્ઞાન આપવા માટે નોલેજ મેનેજમેન્ટ પ્રોગ્રામ ફોર ફેકલ્ટી (KMPF) અંતર્ગત અધ્યાપકોને તાલીમ આપીને ઈન્ટરનેટના માધ્યમથી પોતાના વિષયમાં વધુ સારી રીતે સજ્જતા પ્રાપ્ત કરવા અને તે જ્ઞાનનો ઉપયોગ વિદ્યાર્થીઓ સુધી પહોંચી શકે તે હેતુથી આ પ્રોજેક્ટ ઘડવામાં આવેલ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કેન્દ્રવર્તી સંસ્થા છે. આ પ્રોજેક્ટમાં અધ્યાપકોને વિવિધ પ્રકારની તાલીમ તેમજ ઈન્ટરનેટ અંગેની વધુ સારી સમજ આપવા માટે વિવિધ તબક્કાઓમાં તાલીમ આપવાનું નક્કી થયેલ છે.

તે અંતર્ગત એચ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ, વલ્લભ વિદ્યાનગર ખાતે તા.23-01-2009ના રોજ ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ Key Master's Training નું આયોજન થયુ હતુ જેમા જુદા જુદા જિલ્લાના 40 કો-ઓર્ડિનેટરશ્રીઓએ ભાગ લીધેલ. આ ટ્રેનિંગ અર્થે ટ્રેનિંગમટીરીયલ કે જે એચ. એમ પટેલ ઈન્સ્ટિટ્યૂટના વ્યાખ્યાતાશ્રીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પ્રિન્ટ કરી રાજ્યના દરેક જિલ્લા ડિસ્ટ્રિક કો-ઓર્ડિનેટરને પહોચાડવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટ સંબંધી વધુ માહિતી માટે પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર કુ. સુરભી એ. ભપલ (વ્યાખ્યાતા-અંગ્રેજી) ફોન નંબર 9375367019 પર સંપર્ક કરવો.

- સુરભી ભપલ

## બી.એડ્.વિભાગ

બી.એડ્. અભ્યાસક્રમના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓની નવેમ્બર-08 માસ દરમિયાન યોજાયેલી સત્રાંત પરીક્ષાના મૂલ્યાંકનની કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા ચાલી રહી હોય તા.28-02-2009 સુધીમાં પરિણામો જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત વર્ષ 2008માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે I-card અને વ્યક્તિગત માહિતીપત્રકો કેન્દ્રો પર મોકલી આપવામાં આવ્યા છે. બી.એડ્.ના પ્રથમ અને દ્વિતીય વર્ષ માટેના સ્વાધ્યાયપત્રકો પણ કેન્દ્રો પર મોકલી આપવામાં આવ્યા છે તેમજ યુનિવર્સિટીની વેબસાઈટ પર પણ મૂકવામાં આવ્યા છે. દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ પાઠ્યક્રમના પુસ્તકો પણ કેન્દ્રો પર મોકલી આપવામાં આવ્યા છે.

## સ્પે.બી.એડ્.વિભાગ

સ્પે.બી.એડ્.ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ જે અગાઉની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ નથી તેમની પુનઃપરીક્ષા 13મી ફેબ્રુઆરીથી 20મી ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર છે. આ વર્ષે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના કોન્ટેક્ટ પ્રોગ્રામ જુદા જુદા કેન્દ્રો પર ડિસેમ્બર-08 માસ દરમિયાન યોજવામાં આવેલ હતા. આ વિદ્યાર્થીઓના I-Card તેમના કેન્દ્રો પર મોકલી આપવામાં આવેલ છે. દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓને ફરજીયાત પેપરના પુસ્તકો મોકલી આપવામાં આવ્યા છે તેમજ અન્ય પુસ્તકો ટૂંક સમયમાં કેન્દ્રો પર મોકલી આપવામાં આવશે.

## પીએચ.ડી.વિભાગ

પીએચ.ડી.વિભાગ દ્વારા ગત માસમાં સિનોપ્સીસ અને શોધનિબંધ રજૂ કરવા માટે જરૂરી પત્રકો અને શોધનિબંધ તૈયાર કરવા માટેના નિયમો તમામ વિદ્યાર્થીઓને મોકલી આપવામાં આવ્યા છે. જેને અનુલક્ષીને વિવિધ વિદ્યાશાખાના

વિદ્યાર્થીઓએ સિનોપ્સીસ અને શોધનિબંધ યુનિવર્સિટીમાં જમા કરાવવાનો પ્રારંભ કર્યો છે. યુનિવર્સિટી દ્વારા નિયમાનુસાર સિનોપ્સીસ અને શોધનિબંધનો સ્વીકાર કરવામાં આવી રહ્યો છે.

પારૂલ દવે

## અભ્યાસક્રમો અંગેની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટિની થયેલ બેઠકો....

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નીચે મુજબના અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની બેઠકો મળી અને જે તે અભ્યાસક્રમો અને મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

1. બેચરલ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ BLIS
2. માસ્ટર ઓફ કોમર્સ M.Com.
3. આંગણવાડી
4. રેક્ટર કાર્યકર્તા માટે પ્રમાણપત્ર અભ્યાસક્રમ
5. બેચરલ ઑફ ગુજરાતી EGT
6. માસ્ટર ઑફ ગુજરાતી MGT

ઉપરોક્ત અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીમાં અભ્યાસક્રમ ગુણવત્તા સભર બને તથા તેનું પરામર્શન યોગ્ય નિષ્ણાત દ્વારા થાય તેમજ તેના સ્વાધ્યાય કાર્યો તૈયાર કરાવવા અને તેનું મૂલ્યાંકન કરાવવું. આ તમામ બાબતો અંગે વિશદ ચર્ચા કરી જરૂરી નિર્ણયો બેઠકમાં લેવામાં આવેલ છે. તથા જે - તે અભ્યાસક્રમોની અભ્યાસ સામગ્રી ઝડપી ઉપલબ્ધ થાય તે માટેની કામગીરી પણ જે તે વિષયના નિષ્ણાતોને સોંપવામાં આવી.

### અભ્યાસવર્તુળ :

યુનિવર્સિટીના અધ્યાપકો વિષયાભિમુખ થાય અને તેનો વિસ્તાર થાય એ હેતુથી અભ્યાસવર્તુળની બેઠક સમયાંતરે યોજાઈ છે.

તા.07-01-09ના રોજ યુનિવર્સિટીના વ્યા. હરદ્વાર ગોસ્વામી એ 'આધુનિક ગુજરાતી ગઝલના રૂપરંગ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. એમણે ગઝલમાં જે નિત્ય ઉન્મેષો આદિલ - ચિનુ - રાજેન્દ્ર - મનહરથી ઉમેરાયા તેની ઉદાહરણ ચર્ચા કરી હતી.

આ ગઝલ લખવાનું કારણ એ જ છે.
આંખના ખૂણે હજુયે ભેજ છે.

ગઝલના અનેક શેર દ્વારા ભાષા, અભિવ્યક્તિ, કલ્પન, પ્રતીક ઈત્યાદિની વાત કરી હતી.

પ્રો. રમણ સોનીએ ભૂમિકા રચી હતી અને આભારવિધિ ડૉ. દક્ષાબેન ઠાકરે કરી હતી. સૌ અધ્યાપકો ચર્ચામાં સહભાગી થયા હતા.

હરદ્વાર ગોસ્વામી

## યુનિવર્સિટી પ્રચાર પ્રસાર :

**કડી :**

તા.3-2-09ના રોજ કડી ખાતે 'સ્વર્ણિમ ગુજરાત



સંકલ્પયાત્રા' યોજાયેલ જેમાં માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, જીલ્લા પ્રભારી રમણભાઈ વોરા કાર્યક્રમ સંચાલન શ્રી નીતિનભાઈ, નવ તાલુકા ધારાસભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ હાજર રહેલ. આ યુનિવર્સિટીના કડી કેન્દ્રના સંયોજકશ્રી પ્રવિણભાઈ ચૌધરી દ્વારા યુનિવર્સિટીના પ્રચાર પ્રસાર કરવામાં આવેલ તથા યુનિવર્સિટિના અભ્યાસક્રમોના બ્રોચર આપી સ્વર્ણિમ ગુજરાત 2010 સંકલ્પયાત્રા દરમ્યાન ઓપન યુનિવર્સિટીને લોકહૃદયમાં સ્થાન અપાવવા તેમજ તેમને અભ્યાસક્રમોમાં વધુ વધુ લોકો જોડાય તે માટે સંકલ્પ કરેલ. અભ્યાસક્રમોમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે પ્રોત્સાહન, જીજ્ઞાસુ અને જરૂરિયાતમંદને માહિતી માર્ગદર્શન પુરૂ પાડી કોર્સમાં જોડાવા પ્રેરણા પ્રોત્સાહન પુરૂ પાડેલ.

વહીવટ વિભાગ

**સાપુતારા :**

તા. 04 to 06 ફેબ્રુઆરી 2009નાં રોજથી "ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડનાં આચાર્યશ્રીઓનો "શિક્ષણ સંમેલન"નો કાર્યક્રમ ગુજરાત રાજ્યનું ગીરીમથક સાપુતારા (ડાંગ જિલ્લા)માં યોજાયેલ. જેમાં 3000થી પણ વધારે આચાર્યશ્રીઓ આચાર્ય સંઘના કાર્યક્રમમાં જોડાયા હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં એકત્રિત આચાર્યશ્રીઓને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં અભ્યાસક્રમનો પ્રચાર-પ્રસાર થાય એ આગવી વિચારસરણીથી યુનિવર્સિટી દ્વારા દરેક આચાર્યશ્રીઓને વિના મૂલ્યે સર્ટિફિકેટ કોર્ષની માહિતી પુસ્તિકા BAOU નું કેલેન્ડર, બ્રોશર, પ્લાસ્ટીક ફોલ્ડર અને નિવેદન પત્રો વહેંચવામાં આવ્યા હતા.

ઉપરોક્ત પ્રચાર-પ્રસાર સામગ્રી વિતરણ કરતા હર્ષની લાગણી વર્ણવતા સમગ્ર આચાર્યશ્રીઓ તથા પોલીસ કર્મચારીઓ અતિ સ્નેહપૂર્વક કીટ સ્વીકાર કરી તદ્ઉપરાંત આશીર્વચનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

દ્વારા જ્ઞાનનું ભોજન વહેંચવામાં આવી રહ્યું છે એવી અનુભૂતિ થઈ હતી અને દરેક આચાર્યશ્રીઓનું કહેવાનું તાત્પર્ય એ હતું કે કેટલાયે વિદ્યાર્થીઓ આંબેડકરનાં કોર્ષ વિશે-માહિતી અંગે પૂછપરછ કરતા હતા. જેથી આ માહિતીની અમને અતિજરૂર હતી. જે આજે મળી ગઈ એ પ્રકારના આચાર્યશ્રીઓનાં સૂચનો હતા. આમ કીટના વિતરણની સાથે **B.P.P. અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી.** એમ કુલ 3000 કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.


નવનીત ગાયકવાડ

## યુનિવર્સિટીનું ગૌરવ

## અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો

### ગાયત્રીબેન દશરથગિરિ ગોસ્વામી

યુનિવર્સિટીના કેન્દ્ર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, તલોદ (1703)ના વિદ્યાર્થિની ગાયત્રીબેન દશરથગિરિ ગોસ્વામીએ પોતાની શક્તિને પ્રગટ કરી છે. 'અડગ મનના મુસાફિરને હિમાલય પણ નથી નડતો' એ ઉક્તિને સાર્થક કરી છે.



ગાયત્રીબહેનના માતા-પિતા તથા ગાયત્રી બહેન કુલસચિવશ્રી એસ.સી શાહ કુલપતિશ્રી એ.કે. સિંહ, સંયોજક શ્રી કિરણ દેસાઈ,

તા.18-02-1985ના રોજ જન્મેલ ગાયત્રીબહેન સાડા ચાર વરસની ઉંમરે તાવ આવતાં પોલિયો ગ્રસ્ત જાહેર થયાં. માતા-પિતા શિક્ષક હોવાથી હિમ્મત હાર્યા વિના એલોપથી અને આયુર્વેદિક સારવાર મેળવતા રહ્યા. ગાયત્રીબેન જીવન સામે સતત સંઘર્ષ કરતા રહ્યા તેમાં હુંફ મળતી રહી માતા-પિતાની 1991માં ડૉ. દિનુભાઈ પટેલ દ્વારા અમદાવાદ ખાતે પોલિયો અંગે પ્રથમ ઓપરેશન કરાવ્યું. ઈ.સ. 1994માં ભારતના વિખ્યાત ડૉ. આદિનારાયણ રાવ દ્વારા વિશાખાપટ્ટનમ ખાતે મહત્ત્વની સર્જરી કરાવવામાં આવી. સાથે સાથે ફિજીયોથેરાપી સેન્ટર પર કસરત પ્રયોગ કરતા રહ્યા. શારીરિક નબળાઈ હોવા છતાં એમણે શિક્ષણ ચાલુ રાખ્યું. પગથી અપંગ હોવાથી માતા-પિતાને શિરે જવાબદારી આવે એ સ્વાભાવિક છે. ધોરણ-10ની પરીક્ષા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પણ પસાર કરી.

ગાયત્રીબેનને ઉચ્ચશિક્ષણની ખૂબ જ ઈચ્છા હતી પણ મુશ્કેલીઓ અનેક હતી. કઈ રીતે ઉચ્ચશિક્ષણ શક્ય બને એ મૂંઝવણમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સહારે આવી. તલોદ કેન્દ્રનો સંપર્ક કર્યો, સંયોજક શ્રી કિરણભાઈ દેસાઈએ માર્ગદર્શન આપ્યું અને ગાયત્રીબેને BPP અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી પરીક્ષા પાસ કરી. પછી યુનિવર્સિટીના B.Com. અભ્યાસક્રમમાં જોડાયા. આ વર્ષે T.Y.B.Com ની પરીક્ષા (માર્ચ-09) આપતા તેનું વિદ્યાતપ પૂર્ણ થયું.

આ અભ્યાસ દરમિયાન ગાયત્રીબેનની પરિસ્થિતિ સામે ઝઝૂમવાની તાકાત અભિનંદનીય છે. હિંમત હોય તો કશું જ અશક્ય નથી એ ગાયત્રીબેને પુરવાર કર્યું. યુનિવર્સિટીના વિદ્યાર્થી તરીકે એમનું યુનિવર્સિટી દ્વારા તા.28-1-09ના રોજ સન્માન કરવામાં આવ્યું હતું.

- હરદ્વાર ગોસ્વામી

## અધ્યયન અને શોધકાર્ય વિષયક :

આ કોલમ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધ્યાપકોના શોધકાર્યનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવે છે. શિક્ષણશાસ્ત્રના વ્યાખ્યાતા પારૂલબેન દવેના Ph.D. શોધકાર્યનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે.

**પરિચય :**

**શીર્ષક :** નામાનાં મૂળતત્ત્વો વિષયના 'આમનોંધ' એકમના સંદર્ભમાં વર્કકાર્ડ (WC) અને કોમ્પ્યુટર સહાયિત અધ્યયન (CAL) પ્રયુક્તિઓની અસરકારકતા

**સંશોધક :** ડૉ. પારૂલ દવે (M.Com., M.Ed., Ph.D., GSLET)

**માર્ગદર્શક :** ડૉ. દિનેશચંદ્ર એ. ઉચાટ (M.Sc., M.Ed., Ph.D.) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**અભ્યાસના હેતુઓ :**

(1) નામાનાં મૂળતત્ત્વો વિષયના 'આમનોંધ' એકમ માટે વર્કકાર્ડ સાહિત્ય, કોમ્પ્યૂટર સહાયિક અધ્યયન કાર્યક્રમ અને શિક્ષક નિર્મિત કસોટીની રચના કરવી.

(2) નામાનાં મૂળતત્ત્વો વિષયના 'આમનોંધ' એકમની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન, વર્કકાર્ડ સાહિત્ય અને કોમ્પ્યૂટર સહાયિક અધ્યયન કાર્યક્રમની તુલના કરવી.

**અભ્યાસનાં ચલો :**

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે અધ્યાપન પદ્ધતિઓ, પરતંત્ર ચલ તરીકે નામાનાં મૂળતત્ત્વોની શૈક્ષણિક સિદ્ધિ તથા પરિવર્તક ચલ તરીકે જાતીયતા પસંદ કરવામાં આવ્યા હતા.

**સંશોધન યોજના :**

પ્રસ્તુત અભ્યાસમાં સૌપ્રથમ મૂળતત્ત્વો વિષય માટે પાયાનો અને અતિ મહત્ત્વનો ગણી શકાય તેવો એકમ 'આમનોંધ' પસંદ કરી તે માટે વર્કકાર્ડ સાહિત્ય અને રૈખિક સ્વરૂપનો કોમ્પ્યૂટર સહાયિત અધ્યયન કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કુમારો અને કન્યાઓના ત્રણ-ત્રણ

જૂથો તૈયાર કરી તેમને વ્યાખ્યાન, વર્કકાર્ડ સાહિત્ય તેમજ કોમ્પ્યુટર સહાયિત અધ્યયન કાર્યક્રમ એમ અલગ અલગ અધ્યાપન પદ્ધતિઓ દ્વારા બાર દિવસ સુધી અધ્યાપન કરાવવામાં આવ્યું હતું. આ પ્રયોગને અંતે વિદ્યાર્થીઓને શિક્ષક નિર્મિત કસોટી આપી તેમની શૈક્ષણિક સિદ્ધિનું માપન કરેલ હતું. આ શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકો પર અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરી અધ્યાપન પદ્ધતિઓની અસરકારકતાની તુલના કરવામાં આવી હતી.

**અભ્યાસના મહત્ત્વના તારણો :**

પ્રસ્તુત અભ્યાસમાં કુમારો અને કન્યાઓ બંને માટે વર્કકાર્ટ સાહિત્ય અને કોમ્પ્યુટર સહાયિત અધ્યયન કાર્યક્રમ સમાન અસરકારક હતા. જ્યારે વ્યાખ્યાન પદ્ધતિ અન્ય બંને પદ્ધતિઓ કરતા શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વધુ અસરકારક જોવા મળી હતી.

**અભ્યાસની અગત્ય :**

વર્તમાન સમયમાં જ્યારે શિક્ષણમાં ટેક્નોલોજીના ઉપયોગ પર વધુ ભાર મૂકવામાં આવે છે ત્યારે આ પ્રકારની ટેક્નોલોજીની ખરેખર અસર કેવી છે ? અને શિક્ષકના વિકલ્પે તેનો ઉપયોગ કરી શકાય કે નહિ ? આ પ્રકારના પ્રશ્નોના જવાબ આ પ્રકારના અભ્યાસમાંથી મેળવી શકાય છે.

## પરિસંવાદ, વક્તવ્ય, પ્રતિનિધિત્વ :

**ડૉ. રમણ સોની**

**(પ્રોફેસર : ગુજરાતી; નિયામક : માનવવિદ્યાઓ) એ -**

- તા.3જી જાન્યુઆરીએ, સાહિત્ય અકાદમી (દિલ્હી) યોજિત, ઉત્તર અને પશ્ચિમ ભારતના સાહિત્યકારોના સંમેલનમાં 'આજકા ગુજરાતી સાહિત્ય' વિશે અમદાવાદ, વિશ્વકોશ ભવનમાં, વક્ત્વ્ય કર્યું;
- તા.4થી જાન્યુઆરીએ, ભાષાસાહિત્યભવન ગુજરાત યુનિ. અને ગુજરાત સાહિત્ય અકાદમીએ યોજેલ 'મધ્યકાલીન કૃતિવિવેચન' પરિસંવાદમાં સમાપન વક્તવ્ય કર્યું;
- તા.5મી જાન્યુઆરીએ, નડિયાદ મહિલા કૉલેજે યોજેલા 'સાહિત્ય સામયિકો'ના પરિસંવાદમાં બીજ-વ્યાખ્યાન (કી નોટ એડ્રેસ) કર્યું;
- તા.9મી જાન્યુઆરીએ, સમર્પણ કૉલેજ ગાંધીનગરમાં સાહિત્ય અકાદમી (દિલ્હી)ના ઉપક્રમે યોજાયેલા પરિસંવાદમાં 'જ્યંતિ દલાલ : વાર્તાકાર, નવલકથાકાર' વિશે વક્તવ્ય કર્યું;
- તા.18મી જાન્યુઆરીએ, વિશ્વકોશ ટ્રસ્ટ યોજિત 'કોશવિદ્યા' અંગેના પરિસંવાદમાં 'કોશવિદ્યાનો અભ્યાસક્રમ અને તાલીમ' વિશે વ્યાખ્યાન આપ્યું.
- તા.27,28,29 જાન્યુઆરી દરમ્યાન ભાવનગર યુનિવર્સિટીના ઉપક્રમે યોજાયેલા 'વિદ્યાર્થી સાહિત્યિક અભ્યાસશિબિર'માં ઉપસ્થિત રહીને ગદ્યલેખન, કોશનો ઉપયોગ અને પ્રકારો વગેરે વિશે માર્ગદર્શક વક્તવ્યો કર્યા.
- તા.8મી ફેબ્રુઆરીએ, સાહિત્યપરિષદ ભવન, અમદાવાદમાં સાહિત્ય અકાદમી (દિલ્હી)એ યોજેલા 'રાષ્ટ્રીય પુસ્તક પ્રદર્શન' અંતર્ગત યોજાયેલી 'મારું પ્રિય પુસ્તક' વક્તવ્ય ગોષ્ઠિમાં અધ્યક્ષીય વક્તવ્ય કર્યું.
- તા. 21મી ફેબ્રુઆરીએ, કચ્છ યુનિવર્સિટી, ભુજમાં 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના પ્રમુખ તરીકે અદ્યતન કોશવિજ્ઞાન વિશે પ્રવચન કર્યું.

**હરદ્વાર ગોસ્વામી**

**(વ્યાખ્યાતા: ગુજરાતી)**

તા.22-12-08ના રોજ મુંબઈ યુનિર્વસિટી દ્વારા નાટક વિશેના રાષ્ટ્રીય સેમિનારમાં ડૉ. દિલીપ ઝવેરીના નાટક 'વ્યાસોચ્છ્વાસ' વિશે વક્તવ્ય

તા.24/25 જાન્યુઆરી દરમિયાન સુગમ સંગીત ફાઉન્ડેશન તથા કાવ્યધારા આયોજિત કાવ્યોત્સવમાં સમગ્ર ગુજરાતમાંથી કવિઓને નિમંત્રિત કર્યા હતા. જેમાં અંધજન મંડળ હોલ ખાતે કાવ્યપઠન કર્યું.

ગણતંત્ર દિનની પૂર્વ સંધ્યાએ આકાશવાણી દ્વારા યોજાયેલ કવિ સંમેલનમાં કાવ્યવાચન પ્રસારણ તા.25-01-09 ના રોજ રાત્રિના 10.00 વાગ્યે થયું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે રાષ્ટ્રીય પુસ્તક મેળામાં દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા તા.7 ફેબ્રુઆરી 09 ના રોજ કવિસંમેલનમાં કાવ્યવાચન.

તા.13-02-09ના રોજ ગુજરાત ન્યુઝ ચેનલ આયોજિત કવિસંમેલનમાં કાવ્યાવાચન.

આકાશવાણી અમદાવાદ - વડોદરાની એનાઉન્સર પેનલ પર છ વર્ષથી સક્રિય, જાન્યુઆરી 09થી સિનિયર એનાઉન્સરની પેનલમાં પસંદગી.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિરેક્ટરી માટે કેન્દ્રોને અગત્યની સૂચના :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા કેન્દ્રોની ડિરેક્ટરી બનાવવાની કામગીરી ચાલુ છે. તે અન્વયે યુનિવર્સિટીના તમામ કેન્દ્રોને પત્ર, સ્મૃતિપત્ર પાઠવવામાં આવેલ છે. ડિરેક્ટરી માટે યુનિવર્સિટીના નીચેના અભ્યાસ/ પ્રોગ્રામ કેન્દ્રોને માહિતી મોકલવા માટે પુનઃ સ્મરણ-નિમંત્રણ પાઠવવામાં આવે છે. આ માહિતી છાપકામ અર્થે **તા. 10-03-2009 સુધીમાં મોકલવી ફરજિયાત છે.**

103, 105 To 108, 110, 112, 116 To 118, 120, 121, 123 To 126, 129 To 130, 132 To 137, 139 To 141, 145 To 147, 155, 158, 164, 166, 167, 169, 170, 172, 208, 211, 216, 307, 409, 410, 411, 413, 410, 417, 429, 503, 508, 509, 511, 514, 516, 519, 521, 523 To 527, 602 To 610, 611, 711, 721, 723, 729, 904, 906, 1006, 1007, 1010, 1102, 1105, 1201, 1202, 1203, 1205, 1207, 1210, 1213, 1216, 1306, 1314, 1317, 1321, 1322, 1324, 1326, 1327, 1410, 1419, 1420, 1422, 1417, 1419, 1431, 1439, 1435, 1436, 1437, 1302 To 1505, 1515, 1518, 1519, 1521, 1602, 1608, 1609, 1702, 1711, 1719, 1725, 1728, 1729, 1803, 1807, 1808, 1812 To 1902,

1903, 2002, 2008, 2010, 2012, 2015, 2203, 2302, 2403, 2404, 2405, 2406, 2408, 2409, 2410, 2501, 2502.

ઉપરોક્ત તમામ કેન્દ્રોની વ્યવસ્થિત માહિતી પૂરી પાડવી.

## આ પુસ્તક તમે જોયું ?

(ગયા અંકમાં આપણે જે પુસ્તકોનો પરિચય મેળવેલો, એ વાંચીને ઘણાને રસ પડેલો. તમને પણ પડ્યો હોય તો તમારો પ્રતિભાવ લખીને જણાવશો. જે પત્રો છાપવાયોગ્ય લાગશે તે પત્રસેતુમાં જરૂર પ્રગટ કરીશું. તમારાં વિચારણીય સૂચનો હશે તો એ પણ પ્રગટ કરીશું.

આ અંકમાં પણ પ્રો.રમણભાઈ સોનીએ બીજાં કેટલાંક પુસ્તકો વિશે લખ્યું છે. તો, વાંચો. - **સંપાદક**)

### દલપતરામનાં શ્રેષ્ઠ કાવ્યો - સંપાદક ચંદ્રકાન્ત ટોપીવાળા.

દલપતરામનું નામ ન સાંભળ્યું હોય, ને એમનાં *'એક શરણાઈવાળો' 'ઊંટ કહે, આ સભામાં...', 'રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો'* જેવાં કાવ્યો ન વાંચ્યાં હોય એવો ગુજરાતી માણસ ભાગ્યે જ કોઈ હશે. છેક 19મી સદીમાં - ઈ.સ. 1850ની આસપાસ - નવો, અર્વાચીન કાળ આવ્યો એના પહેલા કવિ દલપતરામ. કવિ અને 'કવીશ્વર' તરીકે એવા ખ્યાત થયા કે એમની અટક ત્રવાડી હતી એમાંથી કવિ થઈ ગઈ ! કવિ દલપતરામ ડાહ્યાભાઈ. એમના પુત્ર ન્હાનાલાલ કવિ. એ તો આપણી ભાષાના બહુ મોટા સર્જક - નૈસર્ગિક શક્તિવાળા મહાન કવિ.

કવિ દલપતરામે પુષ્કળ કવિતા લખી. 'દલપત કવિતા'ના બે મોટા ખંડો. એમાંથી, આજના એક જાણીતા વિવેચક પ્રો. ચંદ્રકાન્ત ટોપીવાળાએ, દલપતરામનાં 100 જેટલાં ઉત્તમ કાવ્યો તારવીને આપણી સામે મૂક્યાં છે. આ 100 વાંચો એટલે કવિનાં હજાર-પંદરસો જેટલાં કાવ્યોનો મુખ્ય પરિચય મળી જાય.

દલપતરામ ઠાવકા, હસમુખા, સુધારક કવિ. ખોટા સામાજિક રિવાજોમાં સુધારો આવવો જ જોઈએ. પણ કવિ કહે છે : *'ધીરે ધીરે સુધારામાં સાર છે.'* કેમ ? તો કવિ કહે છે, કીડીઓના દર પર આખો લાડુ મૂકી દઈએ તો એ દબાઈ જાય, પણ *'ભૂકો કરી ભભરાવીએ તો ખાસી રીતે ખાય.'* આવાં તો કેટલાં બધાં દૃષ્ટાંતો એમની કવિતામાં છે ! ઊંટ પશુઓની સભામાં બધાની ખોડો કાઢે છે : પોપટની ચાંચ વાંકી, બગલાની ડોક વાંકી, કૂતરાની પૂછડી વાંકી,...શિયાળ ઊંટને કહે છે : 'ઊંટ મહાશય, *'અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે !'* - એનું શું ? એક શેઠ, એવા કંજૂસ ધનિક, ને એવા જડ, કે પેલા શરણાઈવાદકને કહે છે - *'પોલું છે તે બોલ્યું એમાં કરી તેં શી કારીગરી ? સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે.'* આપણા સૌમાં જે લોકો કલા-સૌંદર્ય પ્રત્યે જડ છે એ બધા પર કવિએ અહીં કટાક્ષ કર્યો છે.

દલપતરામનો ગુજરાતી ભાષા પર અપાર, અને સમજભર્યો, પ્રેમ. વડોદરાના પેશવા રાજમાં ગુજરાતીનું ચલણ ઓછું જોઈને નારાજ થયેલા કવિએ રાજવીને પણ કહી દીધું કે ગુજરાતી ભાષાનું મહત્ત્વ ગુજરાતમાં તો પહેલું હોવું જોઈએ ને ! હું કંઈ એકલો કવિ નથી, હું તો *'શાણી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું.'* ગુજરાતી વાણી(ભાષા)ને 'રાણી'નો ઉચ્ચ દરજ્જો કવિએ આપ્યો. ને કવિતાનો કીમિયો જુઓ : શાણી, વાણી, રાણીનો આંતર્પ્રાસ. શબ્દની કરામતો પર કવિનું પ્રભુત્વ.

આ સંપાદનમાં વિવિધ જાતનાં કાવ્યો છે : નાનાં મુક્તકો, દૃષ્ટાન્તો ગૂંથતાં અન્યોક્તિ કાવ્યો, પ્રસંગ કાવ્યો, સુધારો સૂચવતાં કાવ્યો, વિવિધ ઋતુઓનાં વર્ણનો, ભક્તિ-સુધારો-પ્રસંગ-ઉત્સવ વગેરેની ગરબીઓ - એમાં ફૂલણજીની ગરબી પણ છે : *'ફૂલણજી તમે ફુલાવ્યા કેમ ફૂલ્યા રે... આ ઉપજ-ખરચનો અડસટ્ટો કેમ ભૂલ્યા, મારા ફૂલણજી !'* એમાં કથાકાવ્યો છે - પેલું જાણીતું *'પુરી એક અંધેરી, ને ગંડુ રાજા; ટકે શેર ભાજી ટકે શેર ખાજાં.'* જાતજાતના છંદ કવિએ યોજ્યા છે, રમૂજ-ટીખળ કરી છે ને શિક્ષકની જેમ એ સમયની ગુજરાતી પ્રજાને નવા વિચાર તરફ કેળવી છે - રસપ્રદ રજૂઆતથી. જરૂર વાંચો આ કાવ્યો. એમાં સંપાદકે 'ગુણિયલ ગજરો' નામનો લેખ લખ્યો છે એ પણ દલપતરામની કવિતાનો સરસ પરિચય આપશે.

(પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, રિલિફ રોડ, અમદાવાદ, પાનાં. 164, રૂા. 100)

### મારી લોકયાત્રા - ભગવાનદાસ પટેલ

આ આત્મકથાનું પુસ્તક છે. ભગવાનદાસ પટેલ આપણા આદિવાસી લોકસાહિત્યના મોટા સંપાદક અને અભ્યાસી છે. દેશ-પરદેશમાં જાણીતા છે. એમણે ખેડબ્રહ્મા વિસ્તારના આદિવાસી પ્રદેશમાં વરસો સુધી ફરીને, એ લોકો સાથે આત્મીયતા કેળવીને, એમના કંઠમાં સચવાયેલાં અનેક કથાકાવ્યો, મહાકાવ્યો, લગ્ન આદિ ઉત્સવનાં નાનાંનાનાં અસંખ્ય ગીતો ટેપરેકર્ડર પર ઉતારીને સંઘર્યાં ને એનાં પુસ્તકો કર્યાં. એ આપણો મહામૂલો વારસો છે. ખૂબ જ પરિશ્રમ, અપાર લગની, માણસના અંતરમાં પેસવાની પ્રેમભરી કુશળતા, સાદગી ને નમ્રતા - એ બધું ન હોય તો લોકસાહિત્યના સંપાદક સંશોધક ન જ થવાય. હજારો પંક્તિઓ ગાનાર આદિવાસી ભગત તમારી સામે એક પંક્તિ સુધ્ધાં ન બોલે !

આ આત્મકથામાં, આવા રોમાંચક લોકસાહિત્ય-સંપાદનની વાત છે. ગામડાગામના એક ખેડૂતપુત્ર ભગવાનદાસ એમ.એ. સુધી ભણ્યા, શિક્ષક થયા. એ દરમ્યાન, ખેતી માટે બળદ ખરીદવા ગયા ત્યાં આદિવાસી પ્રજાનો પ્રાણીપ્રેમ, પ્રકૃતિપ્રેમ જોઈ એમનું હૃદય પીગળી ગયું - એમને થયું કે ખેતી માટે થઈને, આ ભોળી-ગરીબ પ્રજાનો વતનથી વિચ્છેદ કરવાનું પાપ શા માટે કરું છું ? પછી તો આદિવાસી પ્રદેશોમાં ફર્યા, એમનાં નૃત્યો-ગીતો જોયાં-સાંભળ્યાં, એમના આશ્ચર્યજનક રિવાજોનો પરિચય મેળવ્યો.

કેવો ખુલ્લા મનનો, અનોખો છે આ સમાજ ! સિત્તેર વર્ષનાં ડોસા-ડોસી ફરી લગ્ન કરે; પુત્ર-પુત્રી પરિવાર અને પૌત્રો-પૌત્રીઓ પણ જાનમાં મ્હાલે ને નાચે !... બાર-બાર પત્નીઓ વાળો ભગત, એના કંઠમાં અનેક પંક્તિઓનાં મહાકાવ્ય (અરેલા) હોય !... છૂટાછેડા લીધેલી પત્ની, જૂના પતિને ત્યાં, પોતાનાં બાળકોને મળવા જાય ને રોકાય !... ને આ જ સમાજમાં ક્રૂર રિવાજો પણ છે ! - સ્ત્રી મરે (ભલે ડોસી હોય) ત્યારે પિયરિયામાંથી કોઈ હાજર હોવું જોઈએ. નહીં તો હત્યાની શંકા કરીને એ લોકો સાસરાપક્ષનો ધ્વંસ કરી નાખે ! એથી ઊલટું, ડાકણ પેઠાનો વહેમ કોઈ ભૂવો ઘાલે, તો સગી મા પ્રત્યે પણ એનો દીકરો ક્રૂર થઈ જાય. ડાકણ કાઢવા એની આંખમાં ભૂવા દ્વારા મરચાં ભરવામાં આવે. આ પ્રજા અત્યંત પ્રેમાળ, વિશ્વાસુ એટલી જ ખુન્નસવાળી. ભગવાનદાસને સંશોધન કરતાં કરતાં લાગ્યું કે આ ક્રૂર રિવાજ બંધ થવા જોઈએ. એટલે કર્મશીલ પણ થયા. એ જ આદિવાસી કથાકાવ્યો પરથી નાટક કરાવ્યાં ને એ પ્રજા સામે ભજવ્યાં. સમજાવટ પણ કરી. કેટલાક રિવાજ દૂર કરાવ્યા.

એવી આ આત્મકથામાં આવા અનેક વળાંક છે : બાળક, કિશોર, વિદ્યાર્થી ભગવાનદાસ. પછી ખેડૂત, પછી શિક્ષક, પછી લોકસાહિત્યરસિક, પછી સંપાદક, પછી અભ્યાસી વિદ્વાન, ઉત્તમ લેખક, ખ્યાત સંશોધક, ને પછી કર્મશીલ ! નર્યો માણસ ! આત્મકથા હોવા છતાં લેખકે પોતાને વિશે તો ભાગ્યે કશું લખ્યું - પોતાના અનુભવ વિશે, સંવેદન વિશે, લેખન વિશે લખ્યું. આ નાનકડી છતાં પ્રેરક આત્મકથા જરૂર વાંચવી જોઈએ.

(નયન સૂર્યોદય ટ્રસ્ટ, મુંબઈ, 2006, પૃ.158, રૂા 125)

**પાદરનાં તીરથ – જયંતિ દલાલ**

1946માં લખાયેલી આ નાનકડી નવલકથા 1942ના 'ભારત છોડો' આંદોલન વખતના લોકમાનસને આલેખે છે. રાજકીય-આંદોલન કરતાં તો મનુષ્યહૃદયના આવેગો, વેદના, લાચારી તથા દમન કરનારની પાશવી ક્રૂરતા, હેવાનિયત, લાલચવૃત્તિ આ કથામાં વધારે આલેખાયાં છે. જેને માનવ-મૂલ્ય કહે છે એનું હૃદયસ્પર્શી ને ચિત્તસ્પર્શી નિરૂપણ આપતી હોવાથી આ નવલકથા રસપ્રદ અને પ્રભાવ પાડનારી, વાંચવી જ જોઈએ એવી ઉત્તમ કૃતિ છે.

દમન કરતા બ્રિટીશ સિપાઈઓને રોકવા, ઉશ્કેરાયેલું ટોળું નંદપરા ગામના સ્ટેશનને સળગાવી દે છે ને પછી એમના દુર્ભાગ્યની કથા શરૂ થાય છે. બ્રિટિશ પોલીસ લોકોને મારે છે, લૂંટે છે એટલું જ નહીં સ્ત્રીઓ પર બળાત્કાર કરે છે. હાથમાં આવ્યા એમને પકડીને રેલવેના ખાલી ડબ્બામાં ઠોંસીઠોંસીને પૂરી દે છે ને એમને છોડાવવા, ગામના અગ્રણીઓ પાસે ફોજદાર લાંચ માગે છે ! સેવાભાવી ડૉક્ટર નગીનભાઈ સિદ્ધાંતવાદી છે પણ ગામના પકડાયેલા લોકોની કરુણ સ્થિતિ જોઈ એને દયા આવે છે ને કોઈપણ ભોગે એમને છોડાવવા મથે છે. બીજી બાજુ અંબાલાલ વકીલ નામનો એક કેદી આ લાંચમાંથી ય કમાઈ લેવાની દાનતથી ફોજદારને મદદ કરવા તૈયાર થાય છે ! ગામનો એક શિક્ષિત યુવક જગુ, આગચંપી વખતે તો હતો પણ નહીં, છતાં એ નિર્દોષ પણ પોલીસને હાથે પકડાય છે પણ એની મા પશી ડોશી એવાં સત્યાગ્રહી છે કે પુત્રને છોડાવવા લાંચ આપવા તૈયાર નથી!

આવા વિવિધ માણસો સાથે કામ પાડતો લાંચિયો ફોજદાર, કોઈ અગમ કારણથી કે પછી પશી ડોશીની અડગતા અને જગુની નિર્દોષતા સ્પર્શી ગયાં હશે એથી, જતાં જતાં વગર લાંચે જગુને છોડી મૂકે છે !

લેખકે ટૂંકાંટૂંકાં વાક્યોથી સંકેત કરીને, કટાક્ષથી, રૂપકથી માનવીય પરિસ્થિતિનું કલાત્મક આલેખન કર્યું છે એથી નવલકથા પ્રસંગને બદલે વધારે તો મનુષ્યચિત્તને ઉપસાવી આપે છે. નવલકથાનું ગદ્ય કેવી તાકાત પ્રગટ કરે છે એ જોવા માટે પણ આ નવલકથા વાંચવી જ જોઈએ.

(*પાદરનાં તીરથ*, 1946માં પ્રગટ થઈ હતી તે કેટલાંક વર્ષો પહેલાં આદર્શ પ્રકાશન તરફથી ફરી મુદ્રિત થઈ છે એટલે સુલભ છે)

## 'મારું પ્રિય પુસ્તક' માટે ઈજન

દરેક વ્યક્તિના જીવનમાં પુસ્તકનું આગવું સ્થાન હોય છે. ગાંધીજીએ 'અન ટુ ધીસ લાસ્ટ' પુસ્તક વાંચ્યું અને એમના જીવનનો અર્થ બદલાઈ ગયો.

આંબેડકર યુનિવર્સિટીના અધ્યાપકો, વ્યાખ્યાતાશ્રીઓ, અધિકારી/કર્મચારીશ્રીઓ, કેન્દ્ર સંયોજકો, તથા પ્રોગામ ઈન્ચાર્જ પોતાના પર પ્રભાવ પાડનાર કોઈ ઉત્તમ પુસ્તક વિષે લખીને મોડામાં મોડું 31 મી માર્ચ '09 સુધીમાં મોકલી શકે છે. પસંદગી પામેલા લેખો પુસ્તકરૂપે પ્રકાશિત કરવાનું પણ વિચારણાહેઠળ છે.

મારું પ્રિય પુસ્તકનું સંપાદન પ્રો.રમણ સોનીના પરામર્શનમાં વ્યા.હરદ્વાર ગોસ્વામી કરશે. પોતાનો લેખ શ્રી હરદ્વાર ગોસ્વામીને મોકલી આપવો.

**હરદ્વાર ગોસ્વામી**

## નવો ચાલુ થનાર અભ્યાસક્રમ :

Offset Printing Training Course :

આ યુનિવર્સિટી દ્વારા Printing Technology નો કોર્ષ ચાલુ કરવા મળેલ PAC ની મીટિંગમાં અભ્યાસક્રમને દરેક લેવલના છ માસના ત્રણ ભાગમાં Level 1, 2, 3, માં વહેંચવામાં આવ્યો. પ્રવેશ પાત્રતા ધો.12 પાસ અને પ્રિન્ટીંગ પ્રેસને કેન્દ્ર તરીકે પ્રક્રિયા કરી નક્કી કરવામાં આવશે. એપ્રેન્ટીસ એક્ટ હેઠળ દરેક પ્રેસ યુનિવર્સિટીમાં નોંધાયેલ વિદ્યાર્થીઓને જ રાખશે. પ્રેક્ટિકલ ટ્રેનિંગ પ્રમાણપત્ર ફી અંગેના નિર્ણયો લેવામાં આવ્યા. આ કોર્ષ ગુજરાતી ભાષામાં તથા April 2009 થી ચાલુ કરવાનું નક્કી કરવામાં આવ્યુ.

**ઈ.ચા. નિયામક**

## કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા - તાલીમનો વ્યાપ વધારવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ - 102005 - 1532 - પાર્ટ - 1 - ક
સચિવાલય, ગાંધીનગર.
તા.02-01-2009

વંચાણે લીધા : (1) સા.વ. વિભાગનું તા.30-09-2006નું જાહેરનામું ક્રમાંકઃ જીએસ-2006-31-ખતપ-102005-1519-ક

(2) સા.વ.વિભાગના તા.30-09-2006ના ઠરાવ ક્રમાંકઃ પરચ-102005-1532-ક

(3) સા.વ.વિભાગનો તા.16-10-2007નો ઠરાવ ક્રમાંકઃ પરચ-102005-1532-ક

**ઠરાવ :**

વંચાણે લીધેલા ક્રમાંક (1) પરના તા.30-09-2006ના જાહેરનામાથી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-2006 પ્રસિદ્ધ કરાયેલ છે. સદરહું નિયમો અન્વયે સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે કોમ્પ્યુટર કૌશલ્યની ccc/ccc+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉક્ત નિયમોના નિયમ-9(2) હેઠળ તા.31-12-2009 સુધી પરીક્ષા પાસ કરવાની મુદત રાખવામાં આવેલ હતી, જે છેલ્લે તા.30-06-2009 સુધી લંબાવવામાં આવી છે. સા.વ. વિભાગના તા.30-09-2006ના ઠરાવથી કોમ્પ્યુટર કૌશલ્યની ccc/ccc+ તાલીમ અને પરીક્ષાની કામગીરી માટે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ (સ્પીપા), ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર (GCVT) હસ્તકનાં આઈ.ટી.આઈ. કેન્દ્રોને માન્ય ગણવામાં આવેલ હતા. ત્યારબાદ સમયાંતરે કોમ્પ્યુટર કૌશલ્યની ccc/ccc+ પરીક્ષા-તાલીમનો વ્યાપ વધારવા અંગેના હુકમો કરવામાં આવેલ હતા, જે અન્વયે ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હસ્તકનાં કુલ-181 કેન્દ્રોને કોમ્પ્યુટર કૌશલ્યની ccc/ccc+ **ની તાલીમી સંસ્થા તરીકે** માન્ય ગણવામાં આવેલ હતા. પરંતુ પરીક્ષા સંસ્થા તરીકે માન્ય ગણવામાં આવેલ ન હતા. (2) ઉપર જણાવેલ વિગતે સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણની પાત્રકા માટે કોમ્પ્યુટર કૌશલ્યની ccc/ccc+ ની પરીક્ષા તા.31-12-2008 (કે જે છેલ્લે તા.30-06-2009 સુધી લંબાવેલ છે.) સુધીમાં પાસ કરવાની શરતે બઢતી આપવામાં આવી હોય / ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવ્યું હોય તેવા કર્મચારીઓ/અધિકારીઓ સમયસર પરીક્ષા પાસ કરી શકે અને વહીવટી પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે માટે થઈને, પરીક્ષા સંસ્થા તરીકે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ (સ્પીપા), ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર (GCVT) હસ્તકનાં આઈ.ટી.આઈ. કેન્દ્રો તથા ગુજરાત ટેક્નીકલ પરીક્ષા બોર્ડ ઉપરાંત વધારાનાં કેન્દ્રોને પરીક્ષા સંસ્થા તરીકેની માન્યતા આપવાની બાબત સરકારમાં વિચારણા હેઠળ હતી. કાળજી ભરી વિચારણાને અંતે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હસ્તકનાં આ સાથેનાં પરિશિષ્ટ-અની વિગતે કુલ-28 કેન્દ્રોને નીચની શરતોને આધિન કોમ્પ્યુટર કૌશલ્યની ccc/ccc+ **ની પરીક્ષા સંસ્થા તરીકે સમાવેશ** કરવાનું સરકારે ઠરાવેલ છે.

1. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ આઈટીઆઈ/સ્પીપા/ગુજરાત ટેક્નીકલ પરીક્ષા બોર્ડ દ્વારા જે અધિકારીના નામનું સૂચન કરવામાં આવે તેમના નિરીક્ષણ અને સુપરવિઝન હેઠળ પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે.
2. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ કોમ્પ્યુટર કૌશલ્યની ccc/ccc+ ની પરીક્ષા માટે ઉક્ત સંસ્થાઓ પાસે કોમ્પ્યુટર અને અન્ય આનુષાંગિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની રહેશે. તેમજ આ પરીક્ષાનાં સંચાલન માટે આઈટીઆઈ/સ્પીપા/ગુજરાત ટેકનીકલ પરીક્ષા બોર્ડ તથા યુનિવર્સિટીનાં માનવ સંશોધનની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેઓને મળવાપાત્ર ભથ્થાંઓની ચૂકવણી કરવાની રહેશે.

(2) કોમ્પ્યુટર કૌશલ્ય અંગેની c.c.c./c.c.c.+ પરીક્ષા સંદર્ભે અગાઉ સામાન્ય વહીવટ વિભાગના તા.30-9-2006ના ઠરાવથી નિયત કરાયેલ તાલીમ ફીનું ધોરણ લાગુ પડશે. તથા ત્યારબાદના સરકારના આ સંદર્ભે થયેલ વખતોવખતના હુકમોથી પ્રસિદ્ધ કરાયેલ અન્ય સૂચનાઓ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(જે.એમ.જોષી)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- ★ માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી
- ★ માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
- ★ માન. મંત્રીશ્રી/રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- ★ માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- ★ મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ★ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ★ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય
- ★ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ★ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

## પ્રગટ થઈ ચૂક્યો છે - યુનિવર્સિટીજર્નલ *'વિમર્શ'*નો પ્રથમ અંક

દરેક યુનિવર્સિટી વ્યાપક વિદ્યાજગતને માટે પોતાનું એક સંશોધન-અધ્યયનલક્ષી સામયિક (જર્નલ) પ્રગટ કરવાનું વિચારતી હોય જ - કેમકે કોઈપણ યુનિવર્સિટીની વિદ્યાકીય મુદ્રા (આઈડેન્ટીટી)એના જર્નલથી પ્રગટતી હોય.


ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીની માનવવિદ્યાઓ તથા સામાજિક વિજ્ઞાનોની અધ્યયનશાળાને ઉપક્રમે એના જર્નલ **'વિમર્શ'**નો પહેલો અંક પ્રકાશિત થયો છે. એના ધ્યેયકેન્દ્રો છે : વિસ્મય • જિજ્ઞાસા • સાધના • રસ • આનંદ

પહેલા અંકમાં ગુજરાતી સાહિત્યના, ભાષાવિજ્ઞાનના, સમાજશાસ્ત્રના, ફિલસૂફીના, સાંસ્કૃતિક વિચારણાના, વિજ્ઞાનના, ચિત્રકળાના અને સંગીતકળાના તદ્વિદ વિદ્વાનોના ખૂબ જ જાણીતા અને અધિકૃત અભ્યાસલેખો પ્રગટ કરેલા છે. ***મહાભારતમાં માનવતા*** (ઉમાશંકર જોશી) લેખથી આરંભીને ***અનુઅધિકતાવાદ, ઉત્તરસંસ્થાનવાદ અને ભારત*** (અવધેશકુમાર સિંહ) સુધીના આ લેખો દરેક ક્ષેત્રના જિજ્ઞાસુઓને માટે રસપ્રદ તથા જ્ઞાનપ્રદ બને એમ છે. ડેમી કદનાં 248 પાનાંના, ઉત્તમ ગુણવત્તાવાળા કાગળ પર છાપેલા તથા આકર્ષક માટે કાર્ડના ટાઈટલ વાળા આ અંકની કિંમત **રૂ. 100** છે.

**વિમર્શ**નું સંપાદન ગુજરાતી સાહિત્યના જાણીતા વિવેચક અને ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનવવિદ્યાઓના નિયામક **પ્રો. રમણ સોની**એ કર્યું છે.

વિદ્યાજગતના ઉત્તમ અભ્યાસીઓની બનેલી પરામર્શક સમિતિના તથા સંપાદકમંડળના અધ્યક્ષ છે - **પ્રો. અવધેશકુમાર સિંહ** (કુલપતિ, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)

**- ચેતના શાહ**




નામ :.........................................................................

સરનામુ : .....................................................................

હું ...........................................................................

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું જર્નલ 'વિમર્શ'** ખરીદવા માંગુ છું. એ માટે રૂ. 100 - ચેક/ડ્રાફ્ટ નં............. તા.................... બૅંક....................................... ............................................. નો ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ.ના નામનો મોકલું છું.

અને ઉપરના સરનામે 'વિમર્શ' મોકલાવી આભારી કરશો.

બીડાણ ઉપર મુજબ

સહી

વોશીંગ્ટન ડી.સી.નું મેટ્રો રેલ્વે સ્ટેશન. જાન્યુઆરીની ખૂબ ઠંડીવાળી સવાર હતી ને એક વાયોલીનવાદક આરામથી બેસીને વાયોલીન વગાડતો હતો. જુદી જુદી રીતે એણે લગભગ 45 મિનિટ વાયોલીનવાદન ચલાવ્યું હશે....

સવારનો, કામે જવાનો, ભીડવાળો સમય હતો. હજારો માણસો સ્ટેશને આવી ઉતાવળા ઉતાવળા નોકરી-ધંધે જવામાં વ્યસ્ત હતાં.

વાયોલીન શરૂ થયાને ત્રણેક મિનિટ થઈ હશે ને એક આધેડ વયના માણસને કાને એના સૂર પડ્યા - ઝડપથી ચાલતા એના પગ અટક્યા, થોડીક પળ એણે સાંભળ્યું ને વળી પાછો એ કામે જવા ઉતાવળે પગે ચાલતો થયો.

વળી એક મિનિટ થઈ. એના વાડકામાં એક ડૉલરનો સિક્કો પડ્યો - પહેલી કમાણી. એક સ્ત્રી. પૈસા નાખીને, સ્હેજ પણ થોભ્યા વિના આગળ ચાલી.

થોડીક મિનિટ પછી : સ્ટેશનની દિવાલને અઢેલીને કોઈક ઊભું રહ્યું, વાયોલીન સાંભળવા. પણ ઘડીક પછી, ઘડિયાળમાં જોઈને, મોડું થવાનો ખ્યાલ આવતાં એ માણસ પણ ઝડપથી ચાલતો થયો.

જેને સૌથી વધુ રસ પડ્યો એ ત્રણ વર્ષનું એક બાળક હતું. એની મા તો એને આગળ ખેંચવા લાગી, પણ એ બાળક જોર કરીને ત્યાં ઊભું રહેવા મથ્યું. છેવટે, માની પાછળ ઘસડાતું એ બાળક વળીવળીને પાછળ, વાયોલીનવાદક સામે, જોતું રહ્યું....

બીજાં કેટલાંક બાળકો પણ, આ જ રીતે, ખેંચાતાં ખેંચાતાં, ઘડીક થંભીને ને પછી પરાણે ચાલતાં ચાલતાં, વાયોલીનવાદકને જોતાં રહ્યાં. સાંભળતાં રહ્યાં. ને દરેક કિસ્સામાં એમનાં માં-બાપ તો એમને આગળ ખેંચતાં, ચાલતાં જ રહ્યાં....

પિસ્તાળીસ મિનિટના આ વાયોલીનવાદન દરમ્યાન, માત્ર છ જ માણસો ઘડીકવાર સાંભળવા થોભ્યા. વીસેક જણાએ પૈસા નાખ્યા, પણ થોડીક પળ થોભ્યા વિના. એનાં પાસે 32 ડૉલર ભેગા થયા. પણ એનું વાયોલીનવાદન અટક્યું એના પર કોઈનું કશું ધ્યાન ન ગયું. ન કોઈએ તાળી પાડી, ન કોઈએ એના સૂરનાં વખાણ કરતાં ઉદ્ગાર કાઢ્યા.

કોઈને પણ ત્યારે ખબર ન પડી કે આ તો જોશુઆ બેક હતો - દુનિયાનો એક ઉત્તમ વાયોલીનવાદક. અને એણે જે તરજ ત્યારે વગાડી હતી એ વાયોલીનવાદનની એક વિરલ અને ઉત્કૃષ્ટ તરજ હતી - સંગીતજગતમાં એનું મૂલ્ય 35 લાખ ડૉલરનું ગણાય !

આ સ્ટેશનવાળો કાર્યક્રમ યોજાયો એના બે જ દિવસ પહેલાં જોશુઓની એક વાયોલીન તરજ, સ્થાનિક થીયેટરમાં બેઠકની ટીકીટ દીઠ 100 ડૉલરની કિંમતે વેચાયેલી.

આ એક સાચી બનેલી ઘટના છે. વાત એમ હતી કે, જોશુઆ બેકનું, મેટ્રો સ્ટેશને કરાયેલું વાયોલીનવાદન, ખરેખર તો 'વૉશિંગ્ટન પોસ્ટ' નામની સમાચાર-સંસ્થાએ આયોજિત કરેલો એક કાર્યક્રમ હતો ! લોકોની રુચિ, ગ્રહણ કરવાની સંવેદના તેમજ એમની અગ્રિમ જરૂરિયાત કેવાં છે એનો સામાજિક અભ્યાસ કરવાનો આ એક પ્રયોગ હતો !

પ્રયોગનો નિષ્કર્ષ એ હતો કે, આપણી રોજિંદી ઘટમાળમાં, સમય પૂરી નવરાશનો ન હોય ત્યારે...

શું આપણે કળા-સૌંદર્ય પરખી શકીએ છીએ ?

- આપણે એની કદર કરવા થોભીએ છીએ ખરા ?

-આપણે, પહેલેથી ધ્યાન દોરવામાં ન આવ્યું હોય એ સંજોગોમાં કલાકારની પ્રતિમાને પિછાણી શકીએ છીએ ?

ઉપરના, વાયોલીન શ્રવણના અનુભવને આધારે, આવા એક તારણની સંભાવના કરી શકાય : દુનિયાનો એક મહાન સંગીતકાર પોતાનું ઉત્તમ સંગીત પેશ કરતો હોય ત્યારે, જરાક થોભીને એને ધ્યાનથી સાંભળવા માટે આપણી પાસે એક મિનિટ પણ જો ન હોય તો - આવાં તો કેટલાં બધાં ઉત્તમ અવસરો આપણે ચૂકી જતા હોઈશું ?

(અંગ્રેજીમાંથી અનુવાદ)

## આગામી માસના સેમિનાર

| તારીખ | વિષય |
|---|---|
| 23 માર્ચ 09 | ડૉ. આંબેડકર : વ્યક્તિત્વ અને કાર્ય |
| 25-26 માર્ચ 09 | વિવેચનના વિવિધ વાદો |
| 26-27 માર્ચ 09 | તુલનાત્મક સાહિત્ય અને અનુવાદ (એમ.એ., એમ. ફિલ) |
| 30 માર્ચ 09 | એકવીસમી.સદીમાં દુરવર્તી શિક્ષણની નવી ક્ષિતીજો |

# જ્ઞાન ગંગા

## (યુનિવર્સિટીનું મુખપત્ર)

## અનુક્રમણિકા


કુલપતિની કલમે ........ 1, 2
Joint Meeting of BOM - Members of YCMOU (Nasik) & Dr. BAOU (Ahmedabad) ..... 3
ડૉ. આંબેડકર વ્યાખ્યાનમાળ : 2008 ........ 4
કેન્દ્ર સંયોજકો સાથે વિમર્શ ........ 5
ઉચ્ચ શિક્ષણ ઉદ્દેશો અને પ્રાપ્તિ : સેમિનાર ........ 6
વિદ્યાર્થીનીઓનો વ્યક્તિત્વ વિકાસ ........ 7, 8
સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત પેપર પ્રેઝન્ટેશન સ્પર્ધા ........ 9, 10
કાર્યશાળા ........ 10
સાઈબર ક્રાઈમ ડિટેક્શન એન્ડ પ્રિવેન્શન : વર્કશોપ ........ 11
પ્રજાસત્તાક દિનની ઉજવણી ........ 11
પ્રવેશ વિભાગ ........ 11
પ્રાદેશિક કેન્દ્ર ........ 12
MSW વિભાગ ........ 12
અભ્યાસ કેન્દ્ર તથા ટેલિકોમ ફાળવણી ........ 12
પ્રવેશ વિભાગ ........ 14
CCC અને CCC+ Inservice ........ 15
વહિવટ વિભાગ ........ 16
રેડિયો પ્રોગ્રામ ........ 16
સેટેલાઈટ પ્રોગ્રામ ........ 16
પરામર્શન વિભાગ ........ 16
અભ્યાસકેન્દ્ર સંચાલન (આદિવાસી વિસ્તારના કેન્દ્ર અંગે અહેવાલ) ........ 17
SC / ST Cell વિભાગ ........ 17
NAAC ........ 18
ડિઝીટલ ઈંગ્લીશ લેંગ્વેજ લેબ પ્રોજેક્ટ ........ 18
નોલેજ મેનેજમેન્ટ પ્રોગ્રામ ફોર ફેકલ્ટીઝ ........ 18
બી.એડ, સ્પે બી.એડ અને પી.એચ.ડી. વિભાગ ........ 18
પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની થયેલ બેઠકો ........ 19
અભ્યાસ વર્તુળ ........ 19
યુનિવર્સિટી પ્રસાર પ્રસાર ........ 19
યુનિવર્સિટી ગૌરવ ........ 20
અધ્યયન અને શોધ કાર્ય વિષય ........ 20
પરિસંવાદ, પ્રતિનિધિત્વ, કેન્દ્રોની ડિરેક્ટરી ........ 21
આ પુસ્તક તમે જોયું ? ........ 22
મારું પ્રિય પુસ્તક ........ 23
નવો ચાલુ થનાર અભ્યાસક્રમ ........ 23
CCC/CCC+ પરીક્ષાની માન્યતા ........ 24
યુનિવર્સિટીનું જર્નલ વિમર્શ ........ 25
પ્રેરક પ્રસંગ ........ 26
આગામી માસના સેમિનાર ........ 26
કેન્દ્રો અને વિદ્યાર્થીને સુચન ........ 28
પ્રૂફ રીડીંગ અભ્યાસક્રમ ........ 28

## કેન્દ્રો અને વિદ્યાર્થીને ખાસ સૂચના :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના તમામ વિભાગો શાહીબાગ જુની ઓફિસથી R.C. Technical ની નવી જગ્યાએ શીફ્ટ કરવામાં આવેલ છે. તમામ કેન્દ્ર સંયોજકો અને વિદ્યાર્થીઓએ નીચે મુજબના સરનામે સંપર્ક કરવા વિનંતી.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
આર.સી.ટેકનીકલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
સોલા, અમદાવાદ-380060.

## પ્રુફ વાચનના તાલીમ વર્ગો

ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં પ્રુફવાચન તથા મુદ્રણપ્રત વિશે **એક અઠવાડિયાનો** એક ટૂંકો અભ્યાસક્રમની પ્રથમ બેચ એપ્રિલ 09થી શરૂ થશે. રસ ધરાવનારે (૧) પૂરું નામ, સરનામું, e-mail ફોન નંબર (૨) શૈક્ષણિક લાયકાત (૩) વ્યવસાય (૪) પ્રુફવાચન-અનુભવ અથવા તાલીમ લેવાનું પ્રયોજન - એટલી વિગતો ટાઈપ કરાવીને માર્ચના ત્રીજા અઠવાડિયા સુધીમાં **પ્રસ્તાવપત્ર :** નિયામક (માનવવિદ્યાઓ)ના નામે, યુનિ.ના સરનામે મોકલવો. કોર્સ ફી રૂ. ૩૦૦/- **પ્રસ્તાવપત્ર** સાથે મોકલવાની રહેશે. શરૂઆતમાં અમદાવાદમાં વર્ગો ચાલશે, બીજા શહેરોમાંથી/વિસ્તારમાંથી પ્રસ્તાવો આવ્યા હશે તો પછી તે તે સ્થળે પણ વર્ગોનું આયોજન વિચારી શકાશે. **પ્રસ્તાવપત્ર** યુનિ. વેબસાઈટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

**- નિયામક (માનવવિદ્યાઓ)**

## જ્ઞાનગંગા સંદર્ભે નમ્ર નિવેદન :

પરિવર્તન એ એક સતત પ્રક્રિયા છે. તે પરિવર્તન માટે અમે આતુર છીએ. આપના અભિપ્રાય માટે આપના પ્રતિભાવ માટે..આપના પ્રતિભાવથી જ અમે જ્ઞાનગંગા મુખપત્રમાં પ્રકાશિત માહિતીમાં અને રજૂઆતમાં અમૂલ્ય પરિવર્તન લાવી શકીશું. લાયબ્રેરીયર સંયોજકશ્રી માટે કેન્દ્ર સંયોજકશ્રીએ દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી માટે કરેલ કામગીરી કે મેળવેલ સિધ્ધી જ્ઞાનગંગાના સંયોજકને મોકલવી કે જેથી કરીને સૌના સહકારથી મુખપત્રને વધુ માહિતી સભર બનાવી શકાય.

**ઈ.ચા. કુલસચિવ**

## સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા

**સંયોજકશ્રી**

**શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,**
**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી.**
**ટેક્નિકલ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, સોલા અમદાવાદ-60**


**તંત્રી પ્રકાશક** : એસ. સી. શાહ,
ઈ.ચા. કુલસચિવશ્રી,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી.ટેક્નિકલ ઈન્સ્ટિટયુટ કેમ્પસ, સોલા રોડ, અમદાવાદ-60

**સંપાદક મંડળ** : ચેતના શાહ, કુસુમ શર્મા

**પરામર્શક** : પ્રો.રમણ સોની

**કોમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન** : કલ્પતરુ ઓફસેટ,
એ-3, શુભલાભ એસ્ટેટ,
અંબિકા આઇસ ફેકટરી સામે,
તાવડીપુરા, શાહીબાગ. અમ.
(મો) 98250 42651


**BOOK POST**

**STAMP**

To, ______________________

______________________

______________________

______________________

**રવાના :**
કુલસચિવશ્રી,
**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
આર.સી.ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટની સામે સરખેજ-ગાંધીનગર હાઈવે,
સોલા, અમદાવાદ-380060. (ગુજરાત)
feedback @ baou org, વેબસાઈટ : www.baou.org